ગુજરાત સમાચાર
ગુરુવાર, ૧૯-૧૧-૨૦૨૪

ધર્મલોક



આવતીકાલથી ગિરનારની પરિક્રમા

પ્રારંભની તારીખઃ ૨૦ નવેમ્બર, ૨૦૨૪ કાર્તિક સુદ અગિયારસ

●

પૂર્ણ થવાની તારીખઃ ૨૪ નવેમ્બર ૨૦૨૪ કાર્તિક પૂનમ

●

સ્થળઃ ભવનાથ ક્ષેત્ર, જૂનાગઢ, ગુજરાત
યાત્રાનું અંતરઃ અંદાજે ૩૬ કિમી

સિદ્ધ ક્ષેત્રમાં દેવી-દેવતાઓની આરાધના કરવાનો અવસર

સૈકાઓ જૂની પારંપરિક પરિક્રમામાં એક વર્ષના બ્રેક બાદ આ વખતે આઠથી નવ લાખ યાત્રિકો ઉમટી પડવાનો અંદાજઃ જંગલમાં પાણીનો પ્રબંધ કરવા અને ભાવિકોની સુરક્ષા માટે વનવિભાગે લાંબી કવાયત આદરવી પડી છે

પૌરાણિક માન્યતા મુજબ, કારતક સુદ અગિયારસથી પૂનમના દિવસો દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણએ ગિરનાર જંગલમાં વાસ કર્યો હતો અને ૩૩ કોટિ દેવતાઓ તેમનાં સાંનિધ્યમાં રહ્યા હતા. આથી, આ દિવસો દરમિયાન ગિરનારની પરિક્રમાનું વિશેષ મહાત્મ્ય છે.

લીલી પરિક્રમા તરીકે ઓળખાતી આ પરંપરામાં સામેલ થવા ગુજરાતભરમાંથી ઉપરાંત અન્યત્રથી પણ લાખો લોકો દર વર્ષે જૂનાગઢ આવી પહોંચે છે અને કઠિન ગણાતી પરિક્રમા કરીને પુણ્યનું ભાથું બાંધે છે.

કારતક સુદ અગિયારસ એટલે કે દેવઉઠી એકાદશીના રાત્રીના વિધિવત પરિક્રમાનો પ્રારંભ થશે અને પૂનમના પૂર્ણ થશે. આ વખતે તા.૨૦ નવેમ્બરથી પરિક્રમા શરૂ થશે અને ૨૪ નવેમ્બરે સંપન્ન થશે.

નિયત દિવસોમાં પરિક્રમા કરવા માટેના મુખ્ય ચાર પડાવ છે પરંતુ હવે મોટાભાગના ભાવિકો અગાઉ આવી જાય છે અને નિયત સમય કરતાં અગાઉ પૂર્ણ કરે છે. અનેક ભાવિકો એક જ દિવસમાં પરિક્રમા પૂર્ણ કરી રવાના થઈ જાય છે.

લીલી પરિક્રમાનું મહત્વઃ ધર્મ સ્મરણ, પાવક પરંપરા, પ્રકૃતિનું સાંનિધ્ય અને વનભોજન

ગિરનાર ક્ષેત્રમાં ૩૩ કોટિ દેવી દેવતાઓ, ૮૪ સિદ્ધ, બાવન વીર, અને ૯ નાથનો વાસ છે. આ સિદ્ધ ક્ષેત્રમાં દેવી દેવતાઓની આરાધના કરવાનો અવસર લીલી પરિક્રમા દરમિયાન મળે છે. આ પરિક્રમાથી જંગલમાં પ્રકૃતિના ખોળે વિહરવાનો આનંદ મળે છે અને જંગલ મધ્યે, આજની ભાગદોડભરી જીંદગીથી દૂર- કુદરતની નજીક રહેવાનો મોકો અને વનભોજનનો આનંદ પણ મળે છે.

ગત વર્ષે ભારે વરસાદથી પરિક્રમા રદ્ રહી હતી, તો આ વખતે વનમાં દુકાળ જેવી સ્થિતિ!

ગયા વર્ષે વરસાદના કારણે પરિક્રમા રદ્ થઈ હતી આથી આ વર્ષે અંદાજે આઠ નવ લાખથી વધુ ભાવિકો ઉમટી પડે એવો અંદાજ છે. જો કે આ વર્ષે અપૂરતા વરસાદના લીધે જંગલમાં પાણીની તંગીના કારણે મુશ્કેલી થવાની પણ શક્યતા છે. મુખ્યત્વે, (૧) પાણીની શોધમાં ભટકતા વન્ય પ્રાણીઓ સાથે માનવ સંઘર્ષ વધવાનો ડર, (૨) વનમાં લાખો લોકો માટે કુદરતી જળસ્ત્રોતનું પાણી વપરાઈ જવાને લીધે પરિક્રમા પછીના સમયમાં વન્ય જીવો માટે પાણીની અછત થઈ પડવાની ભીતિ અને (૩) જંગલ સૂકું હોવાથી યાત્રિકો તાપણાં કે ચુલા પેટાવે તેનાથી દાવાનળ લાગવાની શક્યતા- આ ત્રણ પ્રશ્નો પડકારરૂપ છે. વહીવટી તંત્ર અને વન વિભાગે આ વખતે બાળકો અને વૃદ્ધો આ યાત્રામાં આવવાનું ટાળે એવી અપીલ કરવી પડી છે.

પરિક્રમાના મુખ્ય ચાર પડાવ

પરિક્રમાના ૩૬ કિમીના રૂટ પર મુખ્ય ચાર પડાવ છે, જેમાં પ્રથમ પડાવ ભવનાથ તળેટી છે, જ્યારે બીજો પડાવ ઝીણાબાવાની મઢી, ત્રીજો પડાવ માળવેલા અને ચોથો પડાવ બોરદેવી છે. બોરદેવીથી ભવનાથ તળેટીમાં આવી ભાવિકો પરિક્રમા પૂર્ણ કરે છે.

નિર્ગુણ - નિરાકાર ઈશ્વરના ઉપાસક સંત કવિ પાનપદાસ

પ્રેમ પ્યાસ ઉપજે નહીં,
માયા મદમેં છાકા ।
મન ચંચલ ભટકત ફિરે પાનપ,
પલક ઠૌર નહીં રાખા ॥

પ્રેમની સાચી તરસ ત્યાં સુધી ઉત્પન્ન થતી નથી, જ્યાં સુધી માનવી માયા અને મોહના મદમાં ડૂબેલો રહે છે. એનું ચંચળ મન આમ-તેમ ભટકતું રહે છે અને એક પળ માટે પણ કોઈ

વિચાર-વીથિકા

દેવેશ મહેતા

એક જગ્યાએ સ્થિર નથી થતું.'

પ્રેમ પ્યાસ તબ ઉપજે,
લાગે સતસંગ પૂરા ।
આત્મ સેવ સુરત ઘર પાનપ,
દરસન સદા હજૂરા ॥

જ્યારે પૂર્ણ સત્સંગ મળે છે ત્યારે હૃદયમાં પ્રભુ પ્રેમની સાચી તરસ જાગે છે. આત્માની સેવા અને એના પરમ પ્રેમની સાધના દ્વારા પોતાના અંતરના આધ્યાત્મિક ઘરને ઓળખે છે. ત્યારબાદ તેને પરમાત્માના દર્શન સદાય પોતાની સમક્ષ થાય છે.'

'પ્રેમ બિના કહો કિન હરિ પાયા,
તીર્થ કિયે પઢા ઔર ગાયા ।
અંતર-યામી અંતર માહી,
પાનપ તાકૂ એક પલ દેખા નાહીં ॥

પ્રેમ વિના કોઈએ ભગવાનને પ્રાપ્ત કર્યા છે ખરા ? મનુષ્ય તીર્થયાત્રાઓ કરે છે, ધાર્મિક ગ્રંથો વાંચે છે અને ભજન-કીર્તન પણ કરે છે. ઈશ્વર તો દરેક જીવના અંતરમાં બિરાજમાન છે. તે આપણી અંદર જ છે, પણ મનુષ્ય બહારના ધાર્મિક કાર્યોમાં એટલો વ્યસ્ત રહે છે કે આપણી અંદર વસેલા પરમાત્માને એક પળ પણ જોવાનો પ્રયાસ કરતો નથી.' - કવિ સંત પાનપદાસ.

સંત પાનપદાસ હિંદી સાહિત્યના ઉત્તર-મધ્યકાલના એક મુખ્ય નિર્ગુણ સંત કવિ અને પાનપ પંથના પ્રવર્તક હતા. તે ભારતીય સંત પરંપરાની જ્ઞાનાશ્રયી શાખા સાથે જોડાયેલા હતા જેમણે એમની વાણીના માધ્યમથી સમાજને સત્ય, પ્રેમ અને ઈશ્વર ભક્તિનો માર્ગ બતાવ્યો. એવું માનવામાં આવે છે કે સંત પાનપદાસ ગુરુ મંગનીરામના પરમ શિષ્ય હતા. તે તેમના સમયમાં બિજનૌરની હલ્દૌર રિયાસતના ગુરુ પણ રહ્યાં. સંત પાનપદાસની કીર્તિ અને તેમના આધ્યાત્મિક તેજનો પ્રભાવ કેવળ જનમાનસ સુધી જ સીમિત નહોતો. પણ



સંત પાનપદાસ કહેતા હતા કે સાચા સંત તે છે જે નિર્ભય હોય, જેમના હૃદયમાં કરુણા અને દયા હોય, હમેશાં પ્રસન્નચિત્ત રહેતા હોય અને કોઈ પણ સ્વાર્થ વગર સમાજની સેવા કરતા હોય

તાત્કાલીન શાસક પણ એમના ચરણોમાં મસ્તક નમાવતા હતા. હલ્દૌરન રાજા અને રાજપરિવારના લોકો એમની સાદગી, નિષ્પક્ષતા અને પારમાર્થિક વિચારોથી એટલા પ્રભાવિત હતા કે તે રાજ્યના નીતિગત અને વ્યક્તિગત વિષયોમાં સંત પાનપદાસનું માર્ગદર્શન લેતા હતા.

સંત પાનપદાસનું દર્શન શુદ્ધ રૂપે ઉપનિષદોના અદ્વૈતવાદ અને સંતોના વ્યવહારિક નિર્ગુણવાદ પર આધારિત છે. એમની ઉપદેશ વાણીનું સંકલન મુખ્ય રૂપે 'પાનબોધ' નામના ગ્રંથમાં મળે છે. સંત પરંપરાનું બીજા કવિઓની જેમ પાનપદાસ રામના નિર્ગુણ સ્વરૂપના ઉપાસક હતા. એમન રામ રમણ કરનાર એ ચૈતન્ય તત્વ છે જે સૃષ્ટિના કણ કણમાં અને પ્રત્યેક જીવના અંત:કરણમાં વાસ કરનાર પરમ આત્મ તત્વ છે. તે ઈશ્વરને પોતાની અંદર શોધવાની પ્રેરણા આપે છે. એમનું માનવું છે કે આ નશ્વર સંસારમાં માત્ર ઈશ્વર જ જીવનો સાચો અને શાશ્વત મિત્ર છે. તે કહે છે - 'હમ કાહૂ કે મીત ના, હમારા મીત ન કોય ! કહૈ પાનપ સોઈ મિત્ર હમારા, રામ સનેહી હોય ॥ હું કોઈનો મિત્ર નથી મારો કોઈ મિત્ર નથી. જે રામનો પ્રેમી હોય તે જ મારો મિત્ર છે.'

સંત પાનપદાસ કહેતા હતા કે સાચા સંત તે છે જે નિર્ભય હોય, જેમના હૃદયમાં કરુણા અને દયા હોય, જે પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા હોય, હમેશાં પ્રસન્નચિત્ત રહેતા હોય અને કોઈ પણ સ્વાર્થ વગર સમાજની સેવા કરતા હોય. તેમણે તત્કાલીન સમાજમાં ફેલાયેલા નાત-જાતના ભેદોને નકારીને એ સંદેશ આપ્યો કે ઈશ્વરની ભક્તિ પર દરેક જીવનો સમાન અધિકાર છે.

સંત પાનપદાસની વાણીમાં ગુરુનો મહિમા, ઈશ્વર પ્રેમ અને સંસારની નશ્વરતા સ્પષ્ટ દેખાય છે. તે એક સાખીમાં કહે છે - લૌ લાગી છૂટે નહીં, જૈસે ચિતવન ચંદ ચકોર - કહૈ પાનપ ગુરુ ભેદી મિલે ઐસે ચિતવન પ્રેમ કી ઓર ॥ એક વાર જ્યારે પરમાત્મા અને ગુરુ પ્રત્યે સાચા પ્રેમની લગન લાગી જાય છે ત્યારે તે સંસારના કોઈપણ આકર્ષણ કે અવરોધથી છૂટી શકતી નથી. જેમ ચકોર પક્ષી એકીટસે (અનિમેષ નજરે) માત્ર ચંદ્રની તરફ જ જોયા કરે છે તે રીતે એક સાચા સાધકની લગન પણ ઈશ્વર સાથે લાગી જાય છે.'

સંકલ્પ પૂરો કરવાનો સંકલ્પ

એક વખત ત્રેતાયુગમાં અગત્સ્ય ઋષિ પાસે 'રામકથા' સાંભળ્યા બાદ શિવ અને પાર્વતી કૈલાશ તરફ જતા હતા. સંજોગવશાત્ એ વખતે શ્રીવિષ્ણુના દશાવતાર પૈકી એક રામાવતાર થઈ ગયો હતો. રાવણે સીતાનું હરણ કર્યું હતું અને શ્રીરામ સીતાના વિરહમાં વનમાં ભટકતા હતા. આંસુ સારતા હતા. પાર્વતીને શંકા ગઈ, જ્ઞાનના ભંડાર, લક્ષ્મી પતિ અને અસુરોના દુશ્મન શ્રી વિષ્ણુના અવતાર શ્રીરામ શું સામાન્ય માનવીની જેમ પાગલ થઈને પોતાની પત્નીને આ રીતે શોધે ? શિવે ઇન્કાર કર્યો છતાં પાર્વતીએ રામની પરીક્ષા કરવા પત્ની સીતાનું રૂપ ધારણ કર્યું. જો કે રામ પાર્વતીજીની ઓળખી ગયા. પાર્વતીને સ્ત્રીસહજ શંકા કરવાની ભૂલ સમજાઈ ગઈ. પસ્તાવો થયો. પણ હવે શું ? સીતામાતાનું રૂપ ધારણ કરવાના લીધે શિવજીએ પાર્વતીજીને ત્યાગ કર્યો. પાર્વતીજીનું હૈયું બેસી ગયું. ફાળ પડી. શિવ સમાધિ અવસ્થામાં જતા રહ્યા. રામચરિત-માનસ મુજબ સિત્યાશી હજાર વર્ષો પછી શિવજી સમાધિમાંથી બહાર આવ્યા. છતાં ત્યારેય તેમણે પાર્વતીજીનો સ્વીકાર ના કર્યો. પાર્વતીજીએ દૃઢ નિર્ધાર કર્યો. ગમે તે થાય, હું શિવજીને ફરી પામીશ જ ! એ દરમ્યાન પાર્વતીના પિતા દક્ષપ્રજાપતિએ યજ્ઞાનું આયોજન કર્યું. ત્યાં દક્ષા પ્રજાપતિએ જાણીજોઈને શિવજીનું અપમાન કર્યું. પાર્વતીથી સહન ના થયું. તે દુ:ખી થયાં એટલાં દુભાયાં કે યજ્ઞામાં જાતને હોમીને ભસ્મ થઈ ગયાં. ત્યારબાદ સતીનો બીજો જન્મ હિમાલયના ઘરમાં થયો. ત્યાં નારદજીની સલાહથી પાર્વતીજીએ શિવજીને પ્રાપ્ત કરવા તપ શરૂ કર્યું. (તપુ સુખ પ્રગ દુ:ખ દોષ નસાવા) તપ સુખ આપનારૂં અને દુ:ખ દોષનો નાશ કરનારૂં છે. પાર્વતીનો શિવને પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ અવિચળ હતો. હજ્જારો વર્ષો તપ કર્યા બાદ શિવ પ્રસન્ન થયા અને બન્નેનો વિવાહ થયો. પાર્વતીજીનો નિર્ધાર, ઇચ્છા, દૃઢ, નિશ્ચય- અવિચળ હતો. તેથી તે સફળ થયાં. સતીએ મનોમન નિર્ણય કર્યો હતો કે (જનમ કોટિ લગી રગર હમારી, બરઉ સંભુ ન ત રહઉ કુંવારી) મારો તો કરોડ જન્મો સુધી આ જ દૃઢ સંકલ્પ રહેશે કે યા તો હું શિવજીને જ વરીશ અથવા કુંવારી રહીશ.'

નિર્ણય વાસ્તવિકતા જેવો નક્કર ખડક જેવો અડીખમ જોઈએ. સંકલ્પ જીવન-વિકાસની કરોડરજ્જુ છે. તે ધ્યેય તરફ આગળ વધતા માણસને ગમે તે પરિસ્થિતિમાં ટટ્ટાર રાખે છે. જાતને આપેલું વચન પૂરૂં કરવાની જેનામાં ધૂન જાગે તે ઊંઘ, ક્રોધ, ડર, બહાનું કે ઉદાસી જેવી નબળાઈથી દૂર રહે છે. Every thing thay man thinkins he does, really happen. જે માણસ એમ વિચારે કે તે આ કામ કરી શક્શે, તો સમજવું એવું બનીને જ રહેશે.

જે.આર.ડી.ટાટાનો ૧૯૦૪માં પેરિસમાં જન્મ થયો હતો. પંદરમાં વર્ષે તેમણે મનોમન સંકલ્પ કર્યો કે હું આકાશમાં ઊડીશ ! સંકલ્પ કર્યાના દશ વર્ષો બાદ તે વિચાર સાકાર થયો. ૧૦.૨.૧૯૨૯ના દિવસે સાવ એકલા વિમાન ઉડ્ડયન કરનાર તે પ્રથમ ભારતીય બન્યા. એટલું જ નહિ ભારતની પ્રથમ એરલાઈન્સ સ્થાપવામાં તે નિમિત બનન્યા.

રસ્તો ઊંચો હોય નીચે હોય, ખાડા ટેકરાવાળો હોય, કાંટા કાંકરાથી ભરેલો હોય પણ જેણે ચાલવાનો સંકલ્પ કર્યો હોય તેને આગળ ચાલતાં દુનિયાની કોઈ તાકાત રોકી શકતી નથી. સંકલ્પ પૂરો કરવાનો બધો આધાર આપણી જીવનદૃષ્ટિ પર છે. ગમે તેટલા અંધકારમાં તારાઓ આકાશમાં હોય જ છે. એક ધ્રુવ તારો આપણને જીવનની સાચી દિશા ચીંધે છે. પરિસ્થિતિના રોદણાં રોવાં કરતાં જે તે પરિસ્થિતિને સ્વીકારી તેનો સામનો કરવાથી જ આપણે આપણા લક્ષ્યવિધાતા બની શકીએ છીએ.

ઉત્તર પ્રદેશના સેહાની નામના એક નાનકડા ગામમાં બ્રહ્મદેવી નામની યુવતિ લગ્ન કરીને સાસરે આવી. બ્રહ્મદેવીના પિયરમાં ઘરના આંગણે કૂવો હતો. પણ અહીં સેહાનીમાં બે કિલો

સંકલ્પ પૂરો કરવામાં સમય ભલે વીતે પણ આપણી ધગશ હારવી ના જોઈએ. સંકટ આવે, અડચણ આવે ત્યારે સંકલ્પ પૂરો કરવો જ એવો નક્કર, નિર્ણય, ડગવો ના જોઈએ

મીટર ચાલીને કૂવેથી પાણી ભરી લાવવું પડતું. એક દિવસ બ્રહ્મોએ તેના પતિને વાત કરી. આપણા આંગણામાં કૂવો હોય તો કેવું સારૂં ? પતિએ વાત ગણકારી નહિ. પત્ની રોજ એ વાત કરતી. છેવટે પતિ કંટાળ્યો. જો તું કાંઇ પહેલી પરણીને નથી આવી ! આખું ગામ દૂર કૂવેથી પાણી ભરી લાવે છે અને જો તારા ટાંટિયા દુ:ખતા હોય તો અહીં જ તારી જાતે ખોદી લે કૂવો !!' બ્રાહ્મો દેવીને આ વાત ચચરી ગઈ. કોઈએ જાણે તેના સ્ત્રીત્વને પડકાર ફેંક્યો. તે મૂંઝાઇ શું કરવું ? છેવટે તેણે મનોમન પાકો મનસૂબો કર્યો. ગામની તેના જેવી જ બે ચાર સ્ત્રીઓ સાથે લીધી અને એક દિવસ તીકમ લાવી ખાડો ખોદવાનું શરૂ કર્યું. લોકો હસ્યા-મશ્કરી કરી. પણ કૂવો ખોદાતો ગયો. છેવટે એક મહિના બાદ બ્રહ્મોદેવીએ જેવો તીકમનો ઘા કર્યો કે પગ નીચેથી ઠંડા પાણીની સરવાણી ફૂટી. ગામના લોકો ભેગા થયા. બ્રહ્મોદેવીને શાબાશી મળી. ગ્રામ પંચાયતે પથ્થર-સીમેન્ટથી પાકું ચણતર કરી આપ્યું. એક સંકલ્પ, એક ઇરાદો, એક પાક્કો નિશ્ચય, એક વચન- શું ના કરી શકે ?

સંકલ્પ કરનારનું ધ્યેય નક્કી હોય છે. તેથી તેના જીવનનો સમય વેડફાતો નથી. સંકલ્પ એક બક્ષર બની ખોટી ટેવોથી આપણને બચાવે છે. સ્વચ્છંદ જીવન જીવનારને કાબૂમાં રાખે છે. સંકલ્પ અહંકારમાંથી નહિ, નમ્રતામાંથી પ્રગટવો જોઈએ. સંકલ્પનો અર્થ જ એ કે હવે કોઈ વિકલ્પ નહિ. આ છેલ્લો અને અફર નિર્ણય. જાતે કરેલી પ્રતિજ્ઞાની અડિખમ વાત. હવે કોઈ ઠગાવી ના શકે. કોઈ લલચાવી ના શકે. સંકલ્પ પાંખમાં પીંછા ઉમેરે છે.

જ્યારે બૌધ્ધ-ધર્મનો સૂત્રગ્રંથ ફક્ત ચીની ભાષામાં જ મળતો હતો ત્યારની વાત છે. 'તેપ્સુજેન' નામના જાપાની સંતે સૂત્રગ્રંથ જાપાની ભાષામાં મળે તેવો મનોમન ઇરાદો કર્યો. જાપાની ભાષાના બ્લોક તૈયાર કરવા પૈસા ભેગા કરવા લાગ્યા. લગભગ દસ વર્ષો વીતી ગયાં. એ વખતે જાપાનની પુજા નદીમાં ભયંકર પૂર આવ્યું. સંતે એ પૈસા પૂર-પીડિતોની સેવામાં વાપરી કાઢ્યા. અને નવેસરથી પૈસા ભેગા કરવા લાગ્યા. છ વર્ષ પછી જાપાનમાં પ્લેગનો રોગ ફેલાયો. કરૂણામય સંત રોગીઓની દશા જોઈ ના શક્યા. તેમણે બચતના પૈસા રોગીઓની સેવામાં વાપર્યા ફરી. સાતેક વર્ષો બાદ પૈસા ભેગા કર્યા. અને છેવટે તેમણે લોકોના કલ્યાણ માટે બૌધ્ધનો સૂત્રમાંથી જાપાની ભાષામાં પ્રકટ કર્યો. એક સંકલ્પ પૂરો કરવામાં સમય ભલે વીતે પણ આપણી ધગશ હારવી ના જોઈએ. સંકટ આવે, અડચણ આવે ત્યારે સંકલ્પ પૂરો કરવો જ એવો નક્કર, નિર્ણય, ડગવો ના જોઈએ, કુરૂક્ષેત્રના મેદાનમાં જ્યારે અર્જુનના ગાત્રો ઢીલા થઈ જાય છે. અને હથિયાર હેઠાં મૂકે છે. ત્યારે શ્રીકૃષ્ણ તેને ભીમે કરેલો સંકલ્પ યાદ અપાવે છે અને અર્જુનને બેઠો કરે છે. ઉત્સાહ અને ખુમારીથી ભરેલા મનમાંજ સંકલ્પની કુંડળી રચાય છે. જેમ દરેક બિડાયેલી કળીમાં સુગંધ, સૌંદર્ય અને વસંત છુપાયેલી છે એમ પ્રત્યેક મનુષ્યની ભીતર ઇચ્છા, આશા, અને શક્તિ છુપાયેલી છે. સંકલ્પ જ તેમને બહાર લાવે છે.

- સુરેન્દ્ર શાહ

અન્યો માટે જાતને ઘસી નાંખવી તે છે પરોપકાર. એમાં જો નિઃસ્વાર્થતા ભળે તો 'સોનામાં સુગંધ'

અમૃતની અંજલિ

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

ધર્મરત્નપ્રકરણગ્રન્થકાર શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપે જે એકવીશ ગુણોનો નિર્દેશ કરે છે તેમાં આજે વિચારાશે વીશમો ગુણ. આ ગુણનું નામ છે પરોપકાર. ગ્રન્થકારે પરોપકારગુણનું જે સ્વરૂપે નિરૂપણ કર્યું છે તે લોકોત્તર સ્તરનું-આત્મકલ્યાણમાં નિમિત્ત બને તેવા સ્તરનું છે. આપણે એનું વિશ્લેષણ આગામી લેખમાં કરવાનું રાખી આ લૌકિક-ભૌતિક સ્તરે થતાં પરોપકાર પર ચિંતનયાત્રા કરીશું.

પર એટલે બીજા અને ઉપકાર એટલે હિત થાય તેવી પ્રવૃત્તિ. બીજાનું હિત થાય-બીજાને લાભ થાય તેવી પ્રવૃત્તિને કહેવાય છે પરોપકાર. આ શબ્દાર્થ છે અને શબ્દાર્થની દૃષ્ટિએ તો નાના-મોટા, વેતન સહિતના-વેતન રહિતના બધા ઉપકારો આમાં સમાવેશ પામી જાય એ સ્વીકાર્ય ગણાય. જેના પર ઉપકાર થયા હોય એનું દૃષ્ટિબિંદુ એ હોય કે તે આ તમામ પ્રકારના ઉપકારોને ઉપકારસ્વરૂપે માની ઉપકારી પ્રત્યે કૃતજ્ઞભાવ દાખવે જે આપણે ગત લેખમાં નિહાળ્યું. પરંતુ જે ઉપકાર કરનાર છે એનું દૃષ્ટિબિંદુ આનાથી અલગ હોય. જે ઉપકારની સામે સંપત્તિ વગેરે રૂપનું વેતન મળતું હોય અથવા તો કોઈ ને કોઈ સ્વરૂપનું વળતર મળતું હોય તે ઉપકારને એ વ્યક્તિ ઉપકાર ગણવા જ તૈયાર ન થાય.

આનો મતલબ આપણે ત્રણ વિભાગમાં વિચારીએ કે (એ) 'આજે હું આને સહાય કરીશ તો ભવિષ્યમાં આ મને ઉપયોગી થશે.' આવી બુદ્ધિથી કરાતી સહાયને એ ઉપકાર ન ગણે. (બી)' આ દાનના બદલામાં તકતી-નામના મળશે' આવી શરતથી કરાતા દાનને એ ઉપકાર ન ગણે. અલબત્ત, સંસ્થા ઉચિત સ્મૃતિ કરે તે એનું કર્તવ્ય છે. પરંતુ દાતા એવી શરત ન કરે. (સી) 'આ કાર્યના કે દાનના બદલામાં સંસ્થામાં- સમાજમાં પદ-અધિકાર મળશે' આવી ભાવનાથી કરાતા દાનને-સેવાને એ ઉપકાર ન ગણે. સંક્ષેપમાં, કોઈ પણ પ્રકારના ભૌતિક વળતરની અપેક્ષા ન હોય તે છે સાચો પરોપકાર.

ટીકાકાર ભગવંતે આ જ પરોપકારગુણનાં વિવરણમાં એક મસ્ત મજાનો શ્લોક દર્શાવ્યો છે કે જેની પ્રથમ પંક્તિમાં જ બે શબ્દો સાથે સાથે લખાયા છે. એ પ્રથમ પંક્તિ આ છે કે 'પરોપકારૈક-રતિર્નિરીહતા.' એમાં પ્રથમ ગુણ છે પરોપકારમાં રુચિ અને બીજો ગુણ છે નિરીહતા. આ બીજા ગુણનો અર્થ છે પરોપકારના કોઈ પણ ભૌતિક ફલની ઇચ્છાનો અભાવ. આનો સરલ અર્થ થાય સંપૂર્ણ નિઃસ્વાર્થતા.


સંપૂર્ણ નિઃસ્વાર્થતાપૂર્વકનો પરોપકાર કેવો હોય એની ઝલક નિહાળવી છે ? તો વાંચો જૈન જગતના જ્યોતિર્ધર જેવા દાનેશ્વરી જગડૂશાહની આ જીવનઘટના :

ત્રણ ત્રણ વર્ષ પર્યંતના સતત દુષ્કાળ સમયે જનતાજનાર્દન માટે મફ્તમાં અન્નભંડારો ખુલ્લા મૂકી દઈ કારમા દુષ્કાળને એકલે હાથે મારી હટાવનાર જગડૂશાહની કીર્તિ ઇતિહાસના પાને આજે પણ એટલે ઝળહળે છે કે એમણે સત્તાઓ-સામ્રાજ્યો કાર્ય ન કરી શક્યા એવું શકવર્તી કાર્ય કર્યું. નિઃસ્વાર્થ સેવાભાવના અને ઔદાર્ય એમનું એવું હતું કે જેઓને દાનશાળામાં આવતા લજ્જા-શરમ આવે તેવા પ્રતિષ્ઠિત લોકો માટે સામેથી 'લજ્જાપિંડ'નું આયોજન એમણે કરાવ્યું હતું. ઘરે ઘરે પ્રભાવનારૂપે આપતા એ મોદકો આમ સામાન્ય લાગે. પરંતુ એ તોડો તો અંદરથી રત્ન નીકળે-સોનામહોર નીકળે. એનાથી દુષ્કાળમાં એ પરિવારોને સહાય મળે અને એમણે માંગવા ન આવવું પડે.

જગડૂશાહ સ્વયં દાન આપવા બેસે. ત્યાં વ્યવસ્થા એવી રખાઈ હતી કે વ્યક્તિ પડદા નીચેથી હાથ લંબાવે અને જગડૂશા એને આપે. જેથી લેનારની ઓળખ છૂપી રહે. એને લજ્જા-શરમનો અનુભવ ન થાય. આ પદ્ધતિમાં જગડૂશાહની નિઃસ્વાર્થ પરોપકાર પરાયણતા વધુ દેદીપ્યમાન સ્વરૂપે ઝળહળતી નિહાળાય છે કે જેમાં દાન તો વળતરની અપેક્ષા વિનાનું છે જ. ઉપરાંત એ કોને મળે છે એ જાણવાની ઇચ્છા સુદ્ધા નથી !

એક દિવસની વાત. જગડૂશાહ દાનકક્ષમાં હતા અને પડદા પાછળથી એક હાથ દાન લેવા માટે લંબાયો. એ હાથની રેખાઓ-ભવ્યતા જોતાં જગડૂશાહને અંદાજ આવ્યો કે કોઈ ઉચ્ચ ખાનદાની વ્યક્તિ વખતની વિડંબણાએ યાચના માટે આવી લાગે છે. જગડૂશાહે તુર્ત હાથમાંની રત્નજડિત સુવર્ણમુદ્રા કાઢીને પેલા હાથમાં મૂકી દીધી. થોડી ક્ષણો પસાર થઈ. ત્યાં એ જ હાથ ફરી લંબાયો. જગડૂશાહે અન્યથા ન વિચારતાં એમ વિચાર્યું કે આ ખાનદાન વ્યક્તિ ખૂબ મુશ્કેલીમાં હશે. તો જ બીજીવાર હાથ લંબાવે. વળતી જ પળે એમણે ગળામાંથી સાત સેરનો હાર કાઢી પેલા હાથમાં મૂકી દીધો !

હાથ લંબાવનાર વ્યક્તિ હવે પડદો હટાવીને જગડૂશા સમક્ષ હાજર થઈ. એ હતા કચ્છના મહારાજા. જગડૂશાહને ભેટી પડતા એ બોલ્યા : 'તમે મારા રાજ્યની સાચી શોભા છો. તમારી ઉદારતાનું પારખું કરવા જ મેં બબ્બે વાર હાથ લંબાવ્યો હતો. તમે મારી પરીક્ષામાં સવાયા ઉત્તીર્ણ થયા છો.'



'હવે વિચારીએ તનનાં સ્તરથી થતો ઉપકાર. અકસ્માત્ ક્ષણે-એકાએક પડી જવા જેવી ક્ષણે કાચી ક્ષણમાં અન્યને હડસેલી દઈને- પકડી લઈને બચાવી લેવા એ આ ઉપકારમાં સમાવેશ પામે, તો અન્યોના માટે જાતે ઘસાઈ જવાની પ્રવૃત્તિ આ ઉપકારમાં સમાવેશ પામે. ગુજરાતના મૂહીઊંચેરા માનવી તરીકે પંકાયેલા રવિશંકર મહારાજનો એક વાક્યપ્રયોગ મશહૂર છે કે 'ઘસાઈને ઊજળા થઈએ.'

તો, આ છે નિરીહ- નિઃસ્વાર્થ પરોપકારની હૃદયંગમ ઝલક...

ઉપરોક્ત ઘટનામાં જે બાહ્ય-લૌકિક સ્તરનો પરોપકાર થયો તે સંપત્તિની-ધનની મુખ્યતાએ થયો હતો. પરંતુ ઉપકારો માત્ર ધનથી જ થાય છે એવું નથી. અલગ અલગ અનેક રીતે બાહ્ય સ્તરના ઉપકારો થઈ શકે છે. ઉદાહરણરૂપે આપણે એક પ્રસિદ્ધ શબ્દત્રુમખું પસંદ કરીએ 'તન-મન-ધન'. પશ્ચાનુપૂર્વીક્રમે જોઈએ તો, આમાંના અંતિમ શબ્દ ધનથી થયેલ ઉપકાર આપણે જગડૂશાહની ઘટનામાં નિહાળ્યો. હવે વિચારીએ મનનો ઉપકાર. આમાં મુખ્યત્વે મનનો અર્થાત્ વિચારોનો ઉપકાર હોય. વિચારોનો ઉપકાર એટલે ? એમાં સંપત્તિનો યા શારીરિક શ્રમનો ભોગ ન હોય. માત્ર વિચારોનું દાન હોય. પરંતુ એ વિચારોનું દાન એવું પ્રબળ પ્રભાવશાળી હોય કે એ સામી વ્યક્તિના વિચારો-મન સમૂળગું બદલી નાંખે. માનસિકતા સંપૂર્ણપણે શુભમાં બદલી નાંખવાનો આ ઉપકાર ખરેખર તો ઘણીવાર તનના અને ધનના ઉપકારથી પણ ચડિયાતો પુરવાર થાય. આગામી લેખમાં આ સંદર્ભની વાત પણ આવી જવાની હોવાથી આપણે અહીં માત્ર આટલો નિર્દેશ પર્યાપ્ત ગણીશું.

હવે વિચારીએ તનનાં સ્તરથી થતો ઉપકાર. અકસ્માત્ની ક્ષણે-એકાએક પડી જવા જેવી ક્ષણે કાચી ક્ષણમાં અન્યને હડસેલી દઈને-પકડી લઈને બચાવી લેવા એ આ ઉપકારમાં સમાવેશ પામે, તો અન્યોના માટે જાતે ઘસાઈ જવાની પ્રવૃત્તિ આ ઉપકારમાં સમાવેશ પામે. ગુજરાતના મૂહી ઊંચેરા માનવી તરીકે પંકાયેલા રવિશંકરમહારાજનો એક વાક્યપ્રયોગ મશહૂર છે કે 'ઘસાઈને ઊજળા થઈએ.' ચુઝ એન્ડ ગ્રો' ની નીતિમાં વિશ્વાસ રાખનાર વર્ગને રવિશંકર મહારાજનું પેલું વાક્ય નિરુપયોગી ભલે લાગે. બાકી એવા પણ લોકો મળે છે કે જે 'ઘસાઈને ઊજળા થઈએ વાક્યના અક્ષરને સાર્થક કરે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ અદ્ભુત સત્ય ઘટના :

ઇ.સ. ૧૮૩૦ આસપાસની વાત. કચ્છ માંડવીનો કલ્યાણ શિવજી નામે એક વ્યક્તિ રોજગાર માટે મુંબઈ આવી. મહેનત-મજૂરીના કામની એની તલાશ હતી. એના શરીરનો બાંધો ખૂબ મજબૂત. એ યુગમાં મુંબઈની અવર-જવરનું મુખ્ય માધ્યમ સ્ટીમરો હતી. આ સ્ટીમરો દરિયાકાંઠાથી દશ મીટર દૂર ઊભી રહે. કેમ કે પછી પાણીનું સ્તર એકદમ ઓછું હોય. લોકોને એ દશ મીટર પાણીમાં-કીચડમાં ચાલવું પડે. કલ્યાણે અહીં પોતાનો વ્યવસાય બનાવી દીધો. એ દરેકને ખભે ઊંચકીને કિનારે લઈ જાય. આ મહેનતાણાનો એણે એક પૈસો રાખ્યો. એ સંતોષી જીવ હતો. દશ પૈસા રોજના મળી જાય તો એની જરૂરિયાત પૂર્ણ થઈ જતી. આટલી રોજી તો એને દિવસની શરૂઆતમાં જ આસાનીથી મળી જતી.

પણ... ખરી કમાલ હવે છે. શું દશ પૈસાની કમાણી થઈ જાય પછી એ ઘરે આરામ ફરમાવે ? ના. એ સવારથી સાંજ પેલી મંજૂરી કરે. એમાં પહેલા દશ ફેરાનો એકેક પૈસો અને પછીના તમામ ફેરા મફ્ત સેવારૂપે ! આપણે આજે જલ્દી માની ન શકીએ તેવી આ સેવા એણે વર્ષો સુધી જારી રાખી. આ ધનનો નહિ, તનનો પરોપકાર હતો. સાવ નિઃસ્વાર્થ અને નામનામુક્ત.

એક દિવસ સ્ટીમરની મુસાફરીમાં અંગ્રેજ અધિકારી એન્ડરસન આવ્યો. કલ્યાણે એના પરોપકારવ્રત મુજબ એને ય ખભે લઈ કિનારે પહોંચાડ્યો. અધિકારીએ એને રાજી થઈ પચીશ પૈસા આપવા માંડ્યા. આણે પોતાના સેવાસંકલ્પની વાત કરી એક પૈસો પણ ન લીધો. અધિકારી કલ્યાણની સેવાવૃત્તિથી - સંતોષીનીતિથી પ્રભાવિત થઈ ગયો. એ અધિકારીનું કાર્ય ત્યારે નવી જ શરૂ થનાર રેલ-વે સેવાનું હતું. એણે ટ્રેક નાંખવાના એક મુખ્ય વિભાગની દેખરેખનું કાર્ય કલ્યાણને સોંપ્યું. કલ્યાણ હવે મજૂરમાંથી મેનેજર બની ગયો. એણે પૂરી પ્રમાણિકતાથી જવાબદારી અદા કરીને આજના ચર્ચગેટ સ્ટેશનથી કલ્યાણ સ્ટેશન સુધીના ટ્રેક નાંખવાનું કાર્ય પૂર્ણ થયું. એ ટ્રેક પર પહેલી ટ્રેન દોડી ત્યારે એ અધિકારીએ કલ્યાણની સ્મૃતિમાં છેલ્લા સ્ટેશનનું નામ આપ્યું 'કલ્યાણ સ્ટેશન !' ક્યાં મજૂર ! ક્યાં મેનેજર ! અને ક્યાં સ્ટેશન પર કાયમી નામ ! નિઃસ્વાર્થ પરોપકારનો આ પ્રભાવ હતો.

છેલ્લે, પરોપકારની પ્રેરણા કરતી પંક્તિઓ સાથે સમાપન કરીએ. મૃત્યુ પછીની સ્થિતિનું બયાન કરતા એ કહે છે કે :-

કુદરત તમને પહેલું કહેશે, સુખ-દુઃખનું કાંઈ પૂછ્યું'તું ?
દર્દભરી આ દુનિયામાં તેં, કોઈનું આંસુ લૂંછ્યું'તું ?
ગે ગે ફે ફે હે હે કરતો, માનવ કહેશે શું શું શું ?

ઉપકારોને 'સેવ' કરવાની 'ટેવ' પાડીએ

પ્રેરણાની પરબ

આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ

'પ્રેરણાની પરબ'માં નૂતનવર્ષનો આ પ્રથમ ઉપદેશ છે, ત્યારે એ ઉપદેશનું માધ્યમ આપણે બનાવીએ મોબાઈલને. આજના યુગમાં મોબાઈલ વિના માનવીને ચાલતું નથી. જીવનનાં મહત્તમ કાર્યોમાં આજે મોબાઈલનો ઉપયોગ થાય છે. સંસારી વ્યક્તિનો સદાનો સાથી અને સંગાથી બની ગયેલો મોબાઈલ કેટલીક સરસ મજાની શીખ પણ આપે છે. તે પૈકી આજે આપણે નિહાળીએ મોબાઈલનો પ્રથમ સંદેશ :

(૧) મોબાઈલ કહે છે કે 'સેવ' કરતા રહો : ઉપયોગી માહિતીઓને-પ્રસંગોને યા ફોટાઓને 'સેવ' કરવા માટેની પ્રક્રિયા મોબાઈલમાં હોય છે. બસ, એ જ પ્રક્રિયા અપનાવવાની છે આપણે આપણા જીવનમાં. અલબત્ત, આ પ્રક્રિયાને જીવનમાં સ્વીકારતા પૂર્વે યાદ એ રાખવાનું છે કે મોબાઈલમાં તો સારું-નરસું બધું જ 'સેવ' થાય છે, પરંતુ આપણે આપણા જીવનમાં કોઈ ખરાબ ઘટનાઓ યા બાબતો નહિ, બલ્કે માત્ર સારી-પ્રેરણાદાયી બાબતોને જ 'સેવ' કરવાની છે. મિનીમમ ત્રણ બાબતોને 'સેવ' કરીએ : (ક) જીવનમાં કરેલા સત્કાર્યોને સેવ કરીએ : જેથી કરેલા સુકૃતોનું વારંવાર સ્મરણ થાય અને શુભકર્મ મજબૂત બને. (ખ) પ્રેરણાસ્પદ ઘટનાઓને 'સેવ' કરીએ : એવી ઘટનાઓ આપણા જીવનમાં પણ પ્રેરક ઘટનાઓનું સર્જન કરશે અને (ગ) અન્યોએ આપણી ઉપર કરેલા ઉપકારોને 'સેવ' કરીએ : એ ઉપકારસ્મૃતિ આપણને નમ્ર-વિવેકી અને કૃતજ્ઞ બનાવશે. કોઈના દ્વારા થયેલો નાનકડો ઉપકાર પણ જ્યારે હૃદયપૂર્વક 'સેવ' કરાય છે ત્યારે થાય છે વિશિષ્ટ પ્રેરક ઘટનાનું સર્જન. યાદ કરીએ આપણે વિદેશમાં બનેલી આવી એક હૃદયસ્પર્શી ઘટના :



અમેરિકાનો મેરીલેન્ડ પ્રદેશ. એ વિસ્તારમાં એ દિવસે એક કોલેજિયન છોકરો પુસ્તકો વેચવા ફરી રહ્યો હતો. પુસ્તકના વેચાણથી જે રકમ મળે તેમાંથી પોતાના મેડિકલ અભ્યાસની ફી ભરવાની તેની મનસા હતી. ફી ભરવી આવશ્યક હતી. પરંતુ બપોર સુધીમાં તેના એક પણ પુસ્તકનું વેચાણ ન થયું. યુવાન પરસેવે રેબઝેબ થઈ ગયો - થાકીને લોથપોથ થઈ ગયો. એ સમય એણે એક નાનકડા ઘરઘરનો દરવાજો ખટખટાવ્યો. અંદરથી મધ્યમવયની કન્યા બહાર આવી. યુવાને પોતાની તાતી જરૂરિયાત સમજાવીને ખરીદવા આજીજી કરી. એ સામાન્ય ઘરની કન્યા પુસ્તક તો ખરીદી ન શકી, પણ યુવાનનો થાક-પરિશ્રમ જોઈને સ્વયંસ્ફૂરણાથી તેના માટે ગરમ દૂધ અને બિસ્કીટ લાવીને આપ્યા. યુવાનના મુખ પર તાજગી આવી ગઈ. ઘટનાને વર્ષોના વહાણા વીત્યા. એ યુવતી વૃદ્ધત્વના આરે આવીને ઊભી. એક દિવસ તેની તબિયત ખૂબ ખરાબ થઈ. એના રોગની ગંભીરતા જોઈને એને મોટી હોસ્પિટલમાં એડમીટ કરવી પડી. હોસ્પિટલના પ્રસિદ્ધ ડોક્ટરે તેની સારવાર કરી અને તેને મૃત્યુનાં મુખમાંથી બચાવી. હોસ્પિટલમાં ઘણા દિવસો વીત્યા. હવે વૃદ્ધાને ચિંતા થઈ કે મોટી હોસ્પિટલ-પ્રસિદ્ધ ડોક્ટર-અદ્યતન-સગવડ-ઘણા દિવસોની સારવાર... આનું વિરાટ બિલ હું કેવી રીતે ચૂકવીશ ? આ ચિંતા વચ્ચે એક દિવસ તેના હાથમાં બિલપેપર આવી ગયું. ચિંતાતુર હૈયે તેણે બિલ પર નજર કરી. બિલનો આંકડો તોતિંગ હતો. પણ તેની નીચે નોંધ હતી કે 'વર્ષો પૂર્વે ગરમ દૂધ અને બિસ્કીટ દ્વારા આ બિલ ચૂકવાઈ ગયુ છે. લિ. ડો. હાવર્ડ કેલી.' વૃદ્ધાની આંખો વરસી પડી. એને ત્યારે ખ્યાલ આવ્યો કે આ પ્રસિદ્ધ ડોક્ટર પુસ્તક વેચનાર એ યુવાન છે. ઉપકારોને ડોક્ટરે હૈયામાં 'સેવ' કર્યા હતા માટે આ અદ્ભુત ઘટનાનું સર્જન થયું. આપણે પણ અપનાવીશું કો'કના નાનકડા ઉપકારોને ય 'સેવ' કરવાનો આ મસ્ત ઉપક્રમ !!!

ઈશ્વરનું 'માતૃસ્વરૂપ'

જગદંબાનાં દર્શન શાસ્ત્ર, અધ્યાત્મ અને ઉપાસના પદ્ધતિ આ અદ્વૈતદર્શન પર અવલંબિત છે. દેવીનો શાબ્દિક અર્થ દેદીપ્યમાન નારી, દેવી એવો થાય છે. પરંતુ દેવી મહાત્મ્ય વપરાયા અનુસાર એનો અર્થ દેવી, જગતજનની, પરાશક્તિ છે ને એ ગતિહીન પુરૂષવાચક પરમ શિવની સમોવડી પણ છે. એ બન્ને એકમેકથી અવિચ્છિન્ન છે. કવિ કાલિદાસે પોતાના 'કુમાર સંભવમ્'નાં પ્રારંભના એક શ્લોકમાં જ પ્રાચીન જ ભારતના શ્રેષ્ઠ કવિ આ બંનેને અભિન્ન કહ્યા છે.



શબ્દ અને અર્થની માફક જોડાયેલા જગતનાં માતા-પિતા પાર્વતી અને પરમેશ્વરને વંદન કરું છું.

વિવેકાનંદજી જણાવે છે કે આપણે સઘળા ચિન્મયી શક્તિ માયાનાં ક્ષેત્રમાં જ વિચરી રહ્યા છીએ એ અનંત ચૈતન્ય છે અને જગદંબાના વ્યક્ત સ્વરૂપે એનો વિચાર કરાયો છે એ દ્રષ્ટિબિંદુથી આપણે સૌ એ શક્તિને વશ છીએ. પછી ભલે, જાણતા હોઈએ કે નહીં. એ જગદંબાની શક્તિથી પરની ગાઢ નિર્વિકલ્પ સમાધિ દશામાં આપણે સરી પડીને અવ્યક્ત પરબ્રહ્મ સાથે એક રૂપ ન થઈએ ત્યાં સુધી આપણે સૌને માટે જગદંબા સ્વરૂપ જ પરમ સત્ય છે અને રહેશે.

● જગદંબા વિશે શંકરાચાર્ય :

ભારતનાં મહાન દાર્શનિક શંકરાચાર્ય પોતાના કેટલાક સ્તોત્રોમાં જગદંબાનો મહિમા ગાયો છે. શંકરના ધાર્મિક અભિગમની અને સહાનુભૂતિઓની સમાવિષ્ટતા અને વિશાળતા એ કરીને ભારતના લોકોએ એમને 'ષણ્મત્તસ્થાપનાચાર્ય' (છ દર્શનનાં સ્થાપક)ની અસાધારણ પદવી આપી અને આત્માની જાગૃતિ કરે તેવા જગદંબાના સ્તોત્રો રચનાર આ મહાન એવા દાર્શનિક જગદંબાના ઉત્તમ ભક્ત હતા. અવ્યક્ત સ્વરૂપના ગુણગાન એમણે ગાયા છે. તેમજ હિન્દુઓના અનેક દેવદેવીઓને એક જ અદ્વૈત સત્યના આવિષ્કારો તરીકે જાણીને તેમના સ્તોત્રો પણ રચ્યા છે.

શક્તિ સાથે શિવ જોડાય છે તો જ આ સૃષ્ટિનો પ્રક્ષેપ કરવા એ સમર્થ બને છે. એ વિના એ પોતાના અંગો પણ હલાવી શકતા નથી.

નટરાજ તરીકેની શિવની ભારતીય અભિવ્યક્તિમાં આવિષ્કાર ના જગતના અસ્તિત્વનાં નૃત્યમાં આપણને શિવ અને શક્તિનું અદ્વૈત સાંપડે છે. પોતાના એક અદ્‌ભુત સ્તોત્રમાં નરને ભોગે નારીનાં જાણે કે હાસ્યાસ્પદ વખાણ કરતા જણાય છે એ સ્તોત્રનું નામ છે 'દેવીઅપરાધક્ષમાયન સ્તોત્રમ્' આ પણ શંકરાચાર્યની રચના છે. (અપરાધો અને ભૂલો માટે દેવીની ક્ષમાની યાચના)

જેણે ચિતાની ભસ્મનો લેપ પોતાના શરીરે કર્યો છે, જેણે કંઠે વિષ ધર્યું છે. જે દિગંબર છે, જેણે જટા ધારણ કરી છે. જેણે ગળામાં સર્પોની માળા પહેરી છે અને જે પશુપતિ છે. જે ખોપરીમાં ખાય છે, જે ભૂતોના સ્વામી છે તે શિવ જગદીશની પદવી ધારણ કરે છે. તે હે ભવાની, એણે તારું પાણિ ગ્રહણ કર્યું છે તેથી જ આ બધું શક્ય બન્યું છે.

મનુષ્ય હૃદયમાંના અંતરનો પ્રેમ ઝંખે છે અને તે પ્રતિસાદ આપે છે. એ જ સ્તોત્રના ૧૦મા અને ૧૧ મા શ્લોકમાં શંકરાચાર્ય ગાય છે.

આપત્સુ મગ્નઃ સ્મરણં તવદીયં,
કરોમિ દુર્ગે કરુણાર્ણવૈ શિવે ।
નેતદ્ છદ્મત્યં મમ ભાવયેથાં,
ક્ષુધા–તૃષાર્તા જનની સ્મરન્તિ ॥

ભયમાં ડુબેલો હું, હે દુર્ગા, તારું સ્મરણ કરું છું. હે કરૂણાના સાગર અને શિવા, આને તું છેતરપિંડી ન માનતી. કારણ કે ભૂખ્યો અને તરસ્યો થાય ત્યારે જ બાળક પોતાની મા ને સંભારે છે.

હે જગદંબા, પાપની હારમાળામાં ગુંથાયેલા મારી ઉપર તમારી પૂર્ણ કરૂણા હોય તેમાં શું આશ્ચર્ય છે ! કારણ કે માતા કદાપિ પોતાના બાળકની ઉપેક્ષા કરતી નથી.

અવ્યક્ત-વ્યક્ત બ્રહ્મની અજોડ એકાત્મતા હાસલ કરનાર જ્ઞાની શંકરાચાર્યના હૃદયમાંની ભક્તિની આ અભિવ્યક્તિ છે.

મત્સમ પાતકી નાસ્તિ,
પાપઘ્નિ ત્વત્ સમાનહિ
એવં જ્ઞાત્વા મહાદેવિ,
યથા યોગ્યં તથા કુરુ ॥

દેવી અપરાધક્ષમા સ્તોત્રના અંતરમાં શંકરાચાર્યજી ગાય છે કે મારા જેવો કોઈ પાપી નથી અને તારા જેવી કોઈ પાપને નાશ કરનારી નથી. આવું જાણીને હે માં તમને યોગ્ય લાગે તેમ કરજે. અમારું ભલું જ કરજે.

મા-માતા સંતાનો એવો જ પ્રેમભાવ, દયાભાવ, ક્ષમાભાવ રાખજે. તેવો ભાવ આવી માતાજીની સ્તુતિઓમાં છે.

ચાંદલો કે તિલક એ માત્ર ધાર્મિકતાની છાપ નથી પરંતુ બુદ્ધિપૂજા છે

માનવને ઈશ્વર સુધી પહોંચાડનાર શ્રેષ્ઠ સાધન બુદ્ધિ છે, તેથી ઈશ-પૂજન પછી પરત જ બુદ્ધિના નિવાસ સ્થાન એવા મસ્તકનું પૂજન કરવાનું એટલે કે બુદ્ધિનું પૂજન.... છે.

કઠોપનિષદમાં બુદ્ધિને આપણા જીવન-રથના સારથીની ઉપમાં આપવામાં આવી છે.

● आत्मानं रथिनंविद्धशरीरं रथमेवतु । बुद्धि तु सारथिं विद्धि ॥

''આત્માને રથનો માલિક સમજ. શરીરને રથ સમજ, બુદ્ધિને સારથિ સમજ મન એ લગામ છે - ઈન્દ્રિયો એ ઘોડા છે અને વિષયો એ ઘોડાઓને ચરવાનો માર્ગ છે.''

બુદ્ધિરૂપી સારથી જો તેજસ્વી, સમર્થ અને કુશળ હશે તો જ આ જીવન રથને ધ્યેય સુધી પહોંચાડશે. शुद्धा हि बुद्धि किलं कामधेनु - વિશુદ્ધ બુદ્ધિ કામધેનું ની માફક જીવન વિકાસના બારામાં યથેચ્છ ફળ આપે છે. સંત તુલસી દાસજીએ પણ કહ્યું છે કે -

● जहां सुमति तहां संग्द नाना । जहां कुमति तहां विपद विधाना

બુદ્ધિને વિશુદ્ધ કરવા માટે તેને રોજ સ્વાધ્યાયથી સ્નાન કરાવવું જોઈએ. ભગવાનની પૂજા કર્યા પછી આપણે તેના ચરણમાં માથું નમાવીએ છીએ. તેની પાછળ એ ભાવ છે કે 'હે ભગવાન! આ મસ્તક મારૂં નથી, તારૂં છે - તારા ચરણોમાં ધરૂં છું. તને ગમતાં વિચારો આમાં રાખજે. મારી બુદ્ધિમાં સારી પ્રેરણા આપજે. એને સન્માર્ગે દોરજે.' ભારતીય સંસ્કૃતિની વિચારધારા વેદ પ્રમાણે છે. ભારતીય સંસ્કૃતિનું



ભગવાનની પૂજા કર્યા પછી તેના ચરણમાં માથું નમાવીએ છીએ. તેની પાછળ એ ભાવ છે કે 'હે ભગવાન! આ મસ્તક મારૂં નથી, તારૂં છે, તારા ચરણોમાં ધરૂં છું.

વૈશિષ્ટ્ય જ એ છે કે તે બુદ્ધિ - અપ્રમાણ્ય છે. બુદ્ધિની તેજસ્વિતા સાથે સાથે ભાવનાનું પુષ્પ સતત ખીલેલું રહે, મહેકતું રહે અને સતત જાગ્રત રહે તેથી જ તે મહાન છે. પૂજાને યોગ્ય છે. અને આવી પ્રગલ્ભ બુદ્ધિની પૂજા કરીને વૈદિક ધર્મે પોતાની પ્રતિભાને વધુ વૈભવશાળી બનાવી છે.

આકાશ ભાલે ચમકતા બે ચાંદલાઓ - સૂર્ય અને ચંદ્ર આ વાત સરસ રીતે સમજાવે છે. દિવસે આભમાં સૂર્યરૂપી ચાંદલો ચમકે છે. જ્યારે રાત્રી શશીરૂપી ચાંદલાથી સોહે છે. સૂર્ય એ જ્ઞાન અને બુદ્ધિનું પ્રતીક છે. જ્યારે ભાવ ચંદ્ર એ અને મનના દેવતા છે. જીવનમાં જ્ઞાન અને ભાવનો સમન્વય હોવા જોઈએ. બુદ્ધિ અને મન બંને યોગ્ય રીતે વિકાસવા જોઈએ. તેનું અહીં સરસ સૂચન છે. ઋષિઓએ અને જ્ઞાનીઓએ સૂર્યને પોતાનો આરાધ્ય દેવ માન્યો છે અને કવિઓ અને ભક્તોએ ચંદ્રને પોતાનો આત્મીય ગણ્યો છે. જ્ઞાન અને ભાવ એક જ જગ્યાએ ટકાવે તે જ મહાપુરુષ ખરો છે.'

બુદ્ધિને આટલું ગૌરવ આપીને પણ ભારતીય સંસ્કૃતિ તેને યોગ્ય સન્માન આપીને યથોચિત પૂજન કરે છે.

આમ સાંપ્રદાયિકતાના લોકો ચાંદલા કે તિલક કરે તેની ચોક્કસ વિચારસરણી દર્શાવે છે. ચાંદલો આસ્તિકતાનું પણ ચિહ્ન છે. ભક્ત ભગવાનના નામે ચાંદલો કરે છે. સાચો ભક્ત કહી નિરાશ થતો નથી .નિરાશાએ નાસ્તિકતા છે. પ્રભુ પરનો અવિશ્વાસ છે.

આપણા જીવનમાં આ ચાંદલાં કે તિલક સોળે કળાએ ખીલે એવી ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના! હું પ્રભુનો છું તેની નિશાની પણ ચાંદલો કે તિલક છે. તિલક એટલે બુદ્ધિ પૂજન.

चित्र कूट के घाट पर
भई संत न की भीर
तुलसी दास चंदनपीसे
तिलक करे रघुवीर ॥

- ડો. ઉમાકાંત જે. જોષી

તાલીનો મહિમા

આપણાં ધાર્મિક તથા સામાજિક સંદર્ભોમાં તાલી એટલે કે તાળીનો મહિમા અનોખો છે. નવલાં નોરતાંમાં બાળાઓ કે બહેનોના ગરબામાં દાંડિયા રાસ, મંજીરાં રાસ, ખંજરી રાસની જેમ તાલીરાસ પણ અગત્યનો ગણાય છે. તબલામાં તાલ હોય છે તેમ તાળી પણ તાલમાં પાડવામાં મજા આવે છે. આપણે જ્યારે તાળી પાડીએ છીએ ત્યારે બે હાથ ભેગા થાય છે ત્યારે હાથના અમુક ચોક્કસ પોઈંટ દબાય છે. જે આરોગ્યને ફાયદો કરે છે કર એટલે હાથ. કરતાલ એક જાતનું વગાડવાનું સાધન છે. બે હાથની તાળીને કર-તાલ પણ કહી શકાય. કોઈ પણ કથામાં, વાર્તાલાપમાં, સંગીતના કાર્યક્રમમાં પ્રસન્ન થઈને શ્રોતાઓ તાલી વગાડે છે. વક્તાનાં ભાષણ પર આફ્રિન થઈને તાલી વગાડવામાં આવે છે. આપણે ત્યાં મંદિરોમાં દેવનાં દર્શન કર્યા બાદ આરતી સમયે ત્રણ વખત તાલી પાડીને દેવનો જયજયકાર બોલાવવામાં આવે છે. આ સિવાય પણ કોઈને દુરથી બોલાવવા, ડરાવવા કે ભગાવવા પણ તાલી કામ લાગે છે. ભજન ગરબા કે ગીત વખતે તાલી પાડવામાં આવે છે. તાલી પણ જો તાલમાં પડે તો સુરમાં સુર મળે છે અને એક વાક્યતા સધાય છે.

આકાશવાણી પર રવિવારે રજુ થતા



બાળકોના કાર્યક્રમ 'બાલસભા'ની શરૂઆત જ બાળકોની તાળીઓથી થાય છે.

આપણાં જીવનમાં તાળી એક જાતની કસરત છે. બે હાથને તાળી પાડવાથી પુરતો વ્યાયામ મળે છે. બેઠા ગરબાના કાર્યક્રમમાં પણ તાળી વિના ગરબાની રમઝટ થતી નથી. ઘણીવાર કોલેજ જેવી જગ્યાએ વક્તાની વાતોથી કંટાળીને વિદ્યાર્થીઓ અધવચ્ચે તાળી પાડીને વક્તાને બેસાડી દેતા હોય છે. આપણે ત્યાં ઉભી ખો નામની રમતમાં તાળીનો ઉપયોગ થાય છે. આ સિવાય મચ્છર મારવા પણ આપણે તાળી પાડીએ છીએ. આપણે ત્યાં ઘણા લોકોને વાત વાતમાં 'દે-તાળી કહીને સામી વ્યક્તિને હાથમાં તાળી દેવાની ટેવ હોય છે.

આપણા ઘણા ગરબાઓમાં તાળી શબ્દનો ઉપયોગ થયેલ છે. ઉદાહરણ તરીકે તાળીઓના તાલે ગોરી ગરબે રમવા જાય રે પુનમનીરાત આવી પુનમની રાત. પ્રભુ ભવન માટે તાળી પાડવાથી હાથની ટેવ પણ બદલાઈ જાય છે. એટલે કે ગ્રહોની ચાલ પણ બદલાઈ જાય છે. આપણાં સુતેલાં ભાગ્ય જાગી ઉઠે છે. તાળીઓના નાદથી વાતાવરણમાં એક સમાનતા કે એક સૂત્રતા આવે છે. સમુહમાં તાળીઓ વાગતી હોય તો તેનાં સ્પંદનો પણ સકારાત્મક ભાવો લાવે છે.

સામાજિક રીતે જોઈએ તો કોઈ પણ રમતમાં કે સ્પર્ધામાં રસાકસી હોય ત્યારે અથવા એક પક્ષની જીત થાય ત્યારે ખેલાડીઓને તાળીઓથી વધાવવામાં આવે છે. કોઈ દોડ, રેઈસ કે સ્પર્ધામાં પ્રેક્ષકો રમતવીરોનો ઉત્સાહ વધારવા તાલીઓથી પ્રોત્સાહિત કરતા હોય છે.

આપણે ત્યાં એક જાણીતી કહેવત છે કે 'એક હાથે તાળી ન પડે.' બે હાથ ભેગા થાય તો જ સરખી તાળી પડે છે. આમ તાળી જોડવાનું કામ પણ કરે છે. આમ આપણાં ધાર્મિક, સામાજિક તથા સાંસ્કૃતિક જીવનમાં તાળીનો મહિમા જાણવા જેવો છે. તાળીની તાલભરી, નિરાળી દુનિયાને પ્યારભરા સલામ!

- ભરત અંજારિયા

દૃષ્ટિ-સૃષ્ટિ

એમર વ્હીલર નામના લેખકે સરસ કહ્યું છે: તમારી કામ કરવાની રીતમાં એક આગવી પદ્ધતિ ઉપસાવો. જગતમાં જેઓ સફળ થયા છે એમનું એક અનિવાર્ય લક્ષણ હોય છે. તમારા જીવનને વ્યવસ્થિત બનાવવાનો પ્રયત્ન કરો. અત્યારે જે કામ કરી રહ્યા છો, તેનો વિચાર કરો. શું તમે એને વધુ સારી રીતે ના કરી શકો? એને સરળ ના બનાવી શકો? આમ કર્યા વગર નથી જ ચાલવાનું.

આપણે અંધારે ભડાકા તો ઘણા કર્યા એનાથી શું લીલું વળ્યું ? દારૂગોળા બાતલ ગયા. શક્તિ વેડફાઈ, સમય બરબાદ ગયો. આટલું જીવન વ્યર્થ મહેનત મહેનત ક્યા સુધી ચાલુ રાખીશું. એક મહાન ફિલસૂફે તેમના મિત્રને પૂછ્યું: ' તમને ક્યો રાજા ગમે ? એક પણ નહી. જીવન ચિંતનમાં મને એટલો રસ છે કે કોઈ રાજાને ગમાડવાનો સમય જ નથી મળ્યો! જે લોકો ભાગ્યનો સહારો લે છે અને કર્મહીન બની જાય છે, તેઓ શબ જેવા છે. સુકાન વગરની નૌકાની પેઠે આવા લોકો પોતાની જાતને પ્રવાહમાં છોડી દે છે.' જ્યાં પહોંચાય ત્યા ખરું એવો એમનો ભાવ હોય છે. જીવનની નૌકા છે સંસારનો સાગર છે, તમે છો. સામે સ્વપ્નનું સિધ્ધ કરવાની મથામણનો આનંદ છે. અને સામે સ્વપ્નનું બંદર છે. તો બેલી હવે હલેસા સમાલો, સુકાન સમાલો. હાથને હૈયાની સમગ્ર શક્તિને કામે લગાડો. જોઈતા તમામ સાધનોથી સજ્જ થાઓ ને જે રસ્તે જવું છે એને તમારા બળથી તૈયાર થવાની તક આપો. પ્રેરક સાહિત્ય વાંચ્યું સુંદર સરસ સિધ્ધાંત સમજી લીધા અને પૂરા આનંદ સાથે પુસ્તક એક બાજુ પર મુકીને ખુશ થયા એટલે કંઈ દાડો ન વળે મહેનત કરીએ પછી બધુ સુમતરુ પાર ઉતરે એની કોઈ ખાતરી નથી. કોઈ પણ માણસને અકસ્માતથી કંઈક મળી જાય એવું ભાગ્યે જ બને છે. ને ધારેલું પ્રાપ્ત થતું નથી.



જિંદગીમાં ખરેખર કશા દ્વેષ કે વેર વિના આપણે ઘણા માણસોને નુકશાન પહોચાડતા હોઈએ છીએ. બીજાની નજરમાં કોઇને ઉતારી પાડવા. કોઇને કાળો ચિતરવો, કોઈનું દિલ દુભાવવું, કાતરની જેમ જીભ ચલાવીએ છીએ. ખરાબ આશય વિના બોલીએ છીએ તેનો ખ્યાલ આપણને આવતો નથી. સામાજિક હવાને કલુષિત કરનારી આવી કડવાશની ઝેર-કોથળીઓ સંખ્યાબંધ માણસોના હૈયામાં બંધાયેલી છે. પણ એક વાર જો મનમાંથી આ કડવાશ કાઢી નાખશો તો પછી તમને ચારે તરફ તમારા સમાજમાં, તમારી ઓફિસમાં તમારા વર્તુળમાં અદીઠ દુશ્મનોનું દળ દેખાશે નહીં.

દરેક ચહેરા પાછળ સંતાયેલો શત્રુ નહીં દેખાય. કડવું બોલનારામાં પણ મિત્ર કે હિતચિંતક દેખાશે. બીજુ તો ઠીક મનમાં કડવાશ કે ઇર્ષા રાખવી કે ભરવી નહીં. કડવાશ કાઢી નાખવાથી જિંદગીની ઘણી-બધી મધુરતાને કલુષિત બનતી બચાવી શકશો. તમને તમારું જીવન ઝેર જેવું લાગે છે. તેમાં સૌથી મોટો ફાળો તમારી કડવાશનો હોય છે. એકવાર કડવાશ, ઇર્ષા કાઢી નાખો પછી જુઓ કેટકેટલાં સંબંધો એકદમ મધુર બની જાય છે. આપણો સૌથી મોટો વેરી બહાર નહી આપણી અંદર જ વસે છે. તમે તેને નાથશો પછી બહારની કોઇ શત્રુના તમને પરાજિત કરી શકશે નહી. આપણાં મૂલ્યાંકનો આપણા અંદાજો, આપણી ધારણાઓના પલ્લા આ કડવાશને ડગમગાવી દેશે. આપણે કડવાશથી મુક્ત થઈએ બસ એટલી જ વાર હોય છે. આપણી લાયકાત પલવારમાં બદલાઈ જાય છે જ્યારે આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે, ત્યારે સૃષ્ટિ પણ બદલાઈ જાય છે ! આખરે જેવી આપણી દૃષ્ટિ એવી સૃષ્ટિ આપણને લાગે છે.

- ચેતન એસ. ત્રિવેદી

"કૃષ્ણનો ઉધ્ધવજીને અંતિમ જ્ઞાનોપદેશ"

બ્રહ્માદિક દેવો દ્વારકામાં આવ્યાં છે, દ્વારકાનાથની સ્તુતિ કરે છે કે સ્વધામ પધારો. આવા સમય ઉધ્ધવજી આવ્યાં છે. તે ભગવાનને કહે છે, મને સાથે લઈ જાઓ. શ્રીકૃષ્ણ કહે છે. હે ઉધ્ધવ તું ક્યાં મારી સાથે આવ્યો છું. જીવ એકલો આવે અને એકલો જાય. ત્યારે ઉધ્ધવજી કહે છે કે હે ભગવંત તમે મને ધ્યાનયોગ સંભળાવ્યો, પણ મને ઘણા જ પ્રશ્નો મુંઝવે છે તેનો જવાબ આપો. હે કૃષ્ણ મોટામાં મોટુ દાન કયું ? સોનું, ચાંદી, ધન આપવાથી વધારે પુણ્ય મળે ? હું તને ઉત્તમદાન બતાવું; આ જગતમાં જે દેખાય છે તે તત્વથી મારું જ સ્વરૂપ છે. એવો ભાવ રાખો કોઈના માટે દ્રોહ ના કરવો, ખરાબ વિચાર કોઈના માટે ન કરવાં, કે ખરાબ શબ્દ ન બોલવાં, સર્વમાં સદભાવ રાખો આ બહું મોટું દાન છે.

બીજો પ્રશ્ન : મહારાજ મોટામાં મોટું તપ કયું ? જંગલમાં દાઢી વધારીને રહે તે તપસ્વી છે.

ભગવાન કહે, મનમાં કામ આવે નહિ, મનથી કામત્યાગ કરે તે તેને હું તપસ્વી માનું છું.

ત્રીજો પ્રશ્ન : દરિદ્ર કોને કહેવો ? અને શ્રીમાન કોણ ? હે ઉધ્ધવ, જેને મેં તેની લાયકાત કરતાં વધારે આપ્યું છે તે પોતે એવું સમજે, જેને બહુ સંતોષ છે, તે શ્રીમાન છે. જે પ્રાપ્તિમાં સંતોષ નથી તે દરિદ્રી છે. ઉદવ પ્રશ્ન કરે છે; મૂર્ખ કોને કહો છો ? હે ઉધ્ધવ, જે પોતે શરીર તે હું જ છું એમ સમજી શરીર સુખમાં ફસાયેલો છે તે મૂર્ખ છે. ઉધ્ધવજી પ્રશ્ન કરે છે, સાચું ધન કયું ? હે ઉધ્ધવ, ધર્મ એ જ સાચું ધન છે,'ધર્મ ઈષ્ટં નૃણામ્'



હે, ભગવંત સ્વર્ગ કોને કહો છો ? જે છળકપટ કરે, મનમાં વિકારવાસના જાગે, મન બગડે તો સમજજો એ નર્કમાં પડ્યો છે. હે, ઉધ્ધવ મનમાં સાત્વિકભાવ જાગે, પરમાત્માનું સ્મરણ કરતાં હૃદય પીગળે, પરોપકાર સેવાની ભાવના, અભિમાન મરે તો એ સ્વર્ગમાં છે. હે મહારાજ; જીવ કોને કહો છો ? અને ઈશ્વર કોને કહો છો ? હે ઉધ્ધવ, જે પરતંત્ર છે તે જીવ છે અને સ્વતંત્ર છે તે જ ઈશ્વર છે. જે માયાને આધીન તે જીવ અને માયા જેને આધીન છે તે ઈશ્વર. દેહનું અભિમાન રાખે તે જીવ અને સમષ્ટિ બ્રહ્માંડનું જેને અભિમાન છે તે ઈશ્વર. જીવ અનેક છે ઈશ્વર એક છે.

છેલ્લે ઉધ્ધવ પૂછે છે, હે કેશવ, વીર કોણ ? અને જીવનો મિત્ર કોણ ? જે બહારના શત્રુને મારે તે વીર નહીં, અંદરના શત્રુને મારે જે વિષયોની ઇન્દ્રિયોને કાબુમાં રાખે તે વીર. ભગવાન કહે છે, બધાનો મિત્ર હું છું. હું સર્વ જીવો સાથે નિ:સ્વાર્થ પ્રેમ કરું છું. મહારાજ ને ઉધ્ધવ ને વિનવણી કરે છે મને તમે તત્વાર્થ સમજાવ્યો. છેલ્લે આ કળીયુગના માણસો માટે ગુણ કોને કહેવો અને દોષ કોને કહો છો ? હે ઉધ્ધવ, બીજાના દોષનો વિચાર કરવો તે મોટો દોષ છે. અને સ્વદોષનુ સ્મરણ રાખીને પોતાનું જીવન સુધારે તેને ગુણ છે.

હે ઉધ્ધવ જગતની પાછળ પડીશ નહીં, ખોટી નિંદા ના કરજે. તું મારી પાછળ પડ આ જગતને કોઈ રાજી કરી શક્યો નથી. તું નિંદા -સ્તુતિમાં મનને શાંત રાખજે જેને નિંદા સહન ન થાય તેને હજુ ભક્તિનો રંગ લાગ્યો નથી ઉધ્ધવજી ભગવાન આ ધરા છોડી સ્વધામ પધારતા ઉધ્ધવજીને જ્ઞાનોપદેશ કર્યો છે.


- વસંત આઈ. સોની

પોતે જ પોતાનો 'મિત્ર' છે, અને પોતે જ પોતાનો 'શત્રુ' છે

આપણું મન જ આપણો મિત્ર છે અને એ જ મન આપણો શત્રુ પણ છે. આપણે આપણા મનની સહાયતાથી આપણો ઉદ્ધાર કરવો જોઈએ અને પોતાનું પતન થવા દેવું ન જોઈએ. આ મન જ બદ્ધજીવનું મિત્ર પણ છે અને શત્રુ પણ છે.

उद्धेयात्मनात्मनां नात्मानमवसादयेत् ।
आत्मैव हयात्मानो बन्धुं
आत्मनेव
रिपु आत्मनः ॥
(ભગવદ્ ગીતા
અ.૬/૫)

આપણે પોતાના મનથી અને તેની જ સહાયથી આપણા પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ અને પોતાનું પતન થવા દેવું ન જોઈએ. આ મન જ આપણું સારા કામો માટે મિત્ર પણ છે અને દુષ્કર્મો માટે એ શત્રુ પણ છે.



જેણે મન ઉપર વિજય મેળવ્યો છે તેના માટે મન એ સર્વશ્રેષ્ઠ મિત્ર છે. પણ જે આમ કરવામાં નિષ્ફળ નિવડે છે તેના માટે તેનું મન એ સૌથી મોટો શત્રુ બની રહે છે.

અમૃતબિંદુ ઉપનિષદમાં પણ કહેવામાં આવ્યું છે.

मन एव मनुष्यताणां कारणं
बन्धमोक्षयो ।

પોતાનું મન એ જ મનુષ્યનાં બંધનનું કારણ છે તથા મન જ તેના મોક્ષ-મુક્તિનું કારણ છે. ઇન્દ્રિય વિષયોમાં મગ્ન થયેલું મન બંધનનું કારણ બને છે અને તેમાંથી વિરક્ત થયેલું મન મુક્તિનું કારણ બને છે.

યોગ, અષ્ટાંગ યોગ, સાધના, સત્સંગ આ બધા મનને જીતવાના સાધનો છે. જે મનને નિયંત્રણ કરવાનું કામ કરે છે ત્યારે મન પોતાનું મિત્ર બનીને સત્કાર્યોની પ્રેરણા આપે છે. જે મનુષ્ય મનને વશમાં રાખી શકતા નથી તે તેનો જ પોતાનો શત્રુ છે. જેથી જીવન તથા તેનો ઉદ્દેશ બગડે છે. જ્યાં સુધી મન જીતાયા વગરનું રહે છે ત્યાં સુધી તે પોતાના જ શત્રુ રૂપે છે અને માણસને કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેમાં ફસાવું પડે છે પરંતુ જ્યારે મન જીતાય જાય ત્યારે તે સાચી યોગસાધનામાં ભગવાનની આજ્ઞામાં આપમેળે સમર્પિત થઈ જાય છે.

जितात्मनः प्रशान्तस्य परमात्मा
समाहिता ।
(ગીતા. અ ૬/૭)

જેણે મનને જીત્યું છે તેને માટે પરમાત્મા પ્રાપ્ત થયેલા જ છે કારણ કે તેઓએ શાંતિ પ્રાપ્ત કરેલી છે આ જ ખરી પરમેશ્વરમાં તન્મયતા છે જ્યાં સુધી મન ઇશ્વરને સમર્પિત થતું નથી ત્યાં સુધી તે લટકતું રહે છે.

મનુષ્યની આંખો જગતમાં વસ્તુ અને મૂલ્ય સિવાય બીજું કંઈ જોતી નથી. અને માણસની આંખો છે. જ્યા તમા. પરમાત્માનું અમૃત સૌંદર્ય અને સંગીતને પણ અનુભવે છે તેથી જ જે બહાર દેખાય છે તે નથી. પણ અનુભવે છે તેથી જ જે બહાર દેખાય છે તે નથી. પણ જો અંદર હાજર છે તે જ જીવનમાં મૌલિક અને આધારભૂત છે.

પોતાનું મન જ મનુષ્યનાં બંધનનું કારણ છે તથા મન જ તેના મોક્ષ-મુક્તિનું કારણ છે. ઇન્દ્રિય વિષયોમાં મગ્ન થયેલું મન બંધનનું કારણ બને છે અને તેમાંથી વિરક્ત થયેલું મન મુક્તિનું કારણ બને છે

યોગ આપણને અંદરની અનુભૂતિ લાવનારું શ્રેષ્ઠ સાધન છે. આ સત્ય તરફ જેમની નજર રહે છે તે બાહ્યમાંથી મુક્ત થઈ અંત:સ્થ પ્રતિષ્ઠિત થઈ જાય છે. સુખ અને દુ:ખમાં ઘૃણા અને પ્રેમમાં, મિત્ર અને શત્રુમાં જેઓ આ મૂળ સ્રોતનું ધ્યાન રાખે છે. તેઓ છેવટે જાણે છે કે મારા પોતાના સિવાય ન તો કોઈ સુખ છે ન કોઈ દુ:ખ. ન કોઈ શત્રુ છે ન કોઈ મિત્ર, હું જ પોતાનો શત્રુ છું અને હું જ પોતાનો મિત્ર છું.

આયુર્વેદની ચરકસંહિતાનાં નિદાન સ્થાન અધ્યાય ૭ માં આ જ વાત કરી છે કે,

आत्मानमेव मन्यते
कर्तारसुखदुंखयों ॥ ३० ॥

દર કોઈ માણસે પોતાને જ પોતાના સુખ દુ:ખનો કર્તા માનવો જોઈએ. એ કારણે પોતે કલ્યાણકારી માર્ગ જ સ્વીકારવો જોઈએ...

ધ્રુવજીએ કરેલી ભગવાનની સ્તુતિ

શ્રીમદ્ ભાગવતજીના ચોથા સ્કંધના નવમાં અધ્યાયમાં ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરી છે. પાંચ વર્ષની ઉંમરમાં ધ્રુવ ભગવાનની તપસ્યા કરવા ગયા. ધ્રુવને ભગવાનના દર્શન થયા. ધ્રુવજીને ભગવાનની સ્તુતિ કરવાની ઈચ્છા હતી પણ એ સ્તુતિ કેવી રીતે કરી શકે !? ભગવાને પાંચજન્ય શંખનો સ્પર્શ ધ્રુવજીને કરાવ્યો. જાણે સાક્ષાત્ સરસ્વતી માતાજી ધ્રુવજીના મુખમંડળમાં મુખારવિંદમાં બિરાજમાન થયા હોય એમ ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરી. 'ધ્રુવ' આ શબ્દનો અર્થ સમજીએ તો 'ધ્રુવ' એટલે 'અચલ' જે ક્યારેય પણ ચલિત ન થાય, પોતાના નિશ્ચય પર જે અડગ રહે એનું નામ જ ધ્રુવ અગર તો તેનું જીવન જ ધ્રુવ જેવું.

ધ્રુવજી ભગવનની સ્તુતિ કરતાં કહે છે કે, હે પ્રભુ ! આપ સર્વશક્તિસંપન્ન છો; આપ જ મારા અંત:કરણમાં પ્રવેશીને પોતાના તેજથી મારી આ સૂતેલી વાણીને સજીવ કરો છો તથા હાથ, પગ, કાન, ત્વચા વગેરે અન્ય બીજી ઈન્દ્રિયોને તથા પ્રાણને પણ ચેતનતા આપો છો. હું આપ અંતર્યામી ભગવાનને પ્રણામ કરું છું. હે ભગવાન ! આપ એક જ છો, પરંતુ પોતાની અનંત ગુણમયી માયાશક્તિથી આ મહત્તત્ત્વ વગેરે સઘળો પ્રપંચ રચીને અંતર્યામીરૂપે તેમાં પ્રવેશ કરી જાઓ છો અને પછી તેના ઈન્દ્રિયો વગેરે અસત્ ગુણોમાં તેમના અધિષ્ઠાતા દેવ રૂપે સ્થિત થઈને અનેક રૂપવાળા દેખાઓ છો, બરાબર એવી જ રીતે કે જેમ જાતજાતનાં લાકડાંઓમાં પ્રગટેલો અગ્નિ પોતાની ઉપાધિઓ અનુસાર ભિન્ન-ભિન્નરૂપે દેખાય છે. હે નાથ ! સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીએ પણ આપનું શરણ લઈને આપે આપેલા જ્ઞાનના પ્રભાવથી આ જગતને ઊંઘીને ઉઠેલા મનુષ્યની જેમ જોયું હતું. હે દીનબંધુ ! તે જ તમારાં ચરણતળનો આશ્રય મનુષ્ય પણ લે છે. હે પ્રભુ ! આ શબવત્ શરીરો થકી ભોગવવામાં આવતું, ઈન્દ્રિયો અને વિષયોના સંસર્ગથી ઉત્પન્ન થતું સુખ તો મનુષ્યોને મળે છે પરંતુ, જે લોકો આ વિષયસુખ માટે લાલાયિત રહે છે અને જેઓ જન્મ-મરણના બંધનમાંથી છોડાવનારા કલ્પતરુ સ્વરૂપ તમારી ઉપાસના કરતા રહે છે તેમની બુદ્ધિ આપની માયાથી મોહિત થઈ જાય છે. હે નાથ ! આપના ચરણકમળોનું ધ્યાન ધરવાથી અને આપના ભક્તોનાં પવિત્ર ચરિત્રો સાંભળવાથી જીવોને જે આનંદ પ્રાપ્ત થાય છે તે નિજાનંદસ્વરૂપ છે.

હે અનંત પરમાત્મા ! મને તો વિશુદ્ધ હૃદયવાળા મહાત્મા ભક્તોનો સંગ આપો કે જેમનો આપનામાં અવિચ્છિન્ન ભક્તિભાવ છે. તેમના સંગમાં હું તમારા ગુણો અને લીલાઓની કથાઓનું અમૃતપાન કરીને અનેક પ્રકારનાં દુ:ખોથી ભરેલા આ સંસાર-સાગરની પેલે પાર પહોંચી શકું. હે કમળનાભ પ્રભુ ! જેમનું ચિત્ત આપના ચરણકમળોની સુગંધમાં સ્થિત રહેવું છે તે મહાનુભાવોનો સંગ જે લોકો કરે છે તેઓ પોતાના આ શરીરની અને તેનાથી સંબંધિત લોકોથી હંમેશાં લેશમાત્ર સ્મરણથી દૂર રહે છે. અનેકરૂપોથી પૂર્ણ આપનું સ્થૂળ વિરાટરૂપ છે, હું આને જાણી શકું છું પરંતુ આનાથી પર જે આપનું નિર્ગુણ-નીરાકાર પરબ્રહ્મ સ્વરૂપ છે તેને હું જાણતો નથી.

હે પ્રભુ ! આ શબવત્ શરીરો થકી ભોગવવામાં આવતું, ઈન્દ્રિયો અને વિષયોના સંસર્ગથી ઉત્પન્ન થતું સુખ તો મનુષ્યોને મળે છે પરંતુ, જે લોકો આ વિષયસુખ માટે લાલાયિત રહે છે

હે ભગવાન ! કલ્પનો અંત થવાથી યોગનિદ્રામાં સ્થિત જે પરમપુરુષ આ સમસ્ત વિશ્વને પોતાના ઉદરમાં લીન કરીને શેષજીની સાથે તેમના જ ખોળામાં શયન કરે છે તથા જેમના નાભિસમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા સર્વલોકમય સુવર્ણવર્ણના કમળમાંથી તેજોમય બ્રહ્માજી ઉત્પન્ન થયા તે ભગવાન આપ જ છો. હું આપને પ્રણામ કરું છું. હે પ્રભુ ! આપ પોતાની અખંડ ચિન્મયી દૃષ્ટિથી બુદ્ધિની ત્રણે અવસ્થાઓના સાક્ષી છો તથા નિત્યમુક્ત, શુદ્ધ સત્ત્વમય, સર્વજ્ઞ, પરમાત્મસ્વરૂપ, નિર્વિકાર, આદિપુરુષ, ષડૈશ્વર્યોથી સંપન્ન તેમજ ત્રણેય ગુણોના અધીશ્વર છો. આપ આ બધાથી સર્વથા ભિન્ન છો તથા સંસારની સ્થિતિ માટે યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુરૂપે વિરાજમાન છો. આપ જગતના કારણભૂત, અખંડ, અનાદિ, અનંત, આનંદમય, નિર્વિકાર બ્રહ્મનું સ્વરૂપ છો. હે ભગવાન ! આપ પરમ આનંદની મૂર્તિ છો. આપના ચરણકમળોની પ્રાપ્તિ જ સાચું ફળ છે.

હે પ્રભુ ! આપ ભક્તો પર કૃપા કરવા માટે નિરંતર વ્યાકુળ રહો છો. આપ અમારા જેવા સકામ જીવોની પણ કામના પૂર્ણ કરીને પરમસુખ પણ આપો છો. આમ, ધ્રુવજીએ ભગવાનની જે ભક્તિ કરી તેવી ભક્તિ અને જીવન તો આપણે કદાચ જ જીવી શકીએ પણ, કોઈપણ કાર્ય જ્યારે આપણે કરીએ ત્યારે પુરા નિશ્ચય સાથે, પુરી શ્રદ્ધા સાથે જો કાર્ય કરીએ તો તે કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે.

- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી

મનને કેળવવું અઘરું છે કારણ કે ખૂબ જ ચંચળ છે

જીવનમાં બાહ્ય ભક્તિ એ માત્રને માત્ર ભ્રમ છે, ભય છે, કર્મ કાંડ છે, કારણ કે પરમ તત્વ પરમાત્મા એ કોઈ વ્યક્ત સ્વરૂપ નથી. તે એક અંતરની શુદ્ધ સત્ય સ્વરૂપ ભાવના જ છે. તે આંતર પ્રજ્ઞામાં શીલ સાથે, સમ્યક દ્રષ્ટિ, સમ્યક જ્ઞાન, સમ્યક ચરિત્ર, સમ્યક શીલ, સમ્યક પુરુષાર્થ અને સમ્યક ધ્યાન દ્વારા અંતરના સત્યમાં જ સ્થિત થતાં જ તે અંતરમાંથી જ પ્રાપ્ત થાય છે. તેનો અનુભવ આંતર સાધક થાય છે. આ પરમ આનંદની અવસ્થા અને આંતર સત્યનું પરિણામ હોય છે.

મનને નિર્વિચારમાં સ્થિર કરવું અમન કરવું એટલે કે શૂન્ય ભાવમાં સ્થિર કરવું અને સાક્ષી ભાવનો સ્વીકાર કરવો. જેથી જીવનની પૂર્ણતાનો સાત્વિક અનુભવ થાય

ધ્યાનના અનેક પ્રકારો હોય શકે પરંતુ મુખ્યત્વે બે પ્રકાર છે એક છે, ધ્યાન દ્વારા મનને કેંદ્રસ્થ કરવું, એટલે કે મનને નિર્મળ અહં શૂન્ય કરી અકાગ્રતામાં સ્થિત કરવું બીજું છે મનને નિર્વિચારમાં સ્થિર કરવું અમન કરવું એટલે કે શૂન્ય ભાવમાં સ્થિર કરવું અને સાક્ષી ભાવનો સ્વીકાર કરવો જેથી જીવનનો જીવનમાંથી જ તૃપ્તિનો સંતૃપ્તિનો અનુભવ થાય અને જીવનની પૂર્ણતાનો સાત્વિક અનુભવ થાય. આ ભયનો સંશયનો અને શકાનો નાશ કરવાનું અમોઘ સાધન છે અને અભયપદની પ્રાપ્તિ શક્ય બને છે અને અભય એટલે જ આનંદ અવસ્થા, ધ્યાન દ્વારા એકાગ્રતા, શુદ્ધતા અને સ્થિતતા કેળવવાની વાત છે. આપણું મન તો વંશપરંપરાગત અને સ્વોપાર્જિત પ્રકૃતિ પ્રમાણે જ અનેક દિશાઓમાં, વાસનાઓમાં તૃષ્ણાઓમાં કામનાઓમાં આશાઓમાં અપેક્ષાઓમાં નિરંતર ઘૂમતું હોય છે. તેને ધ્યાનની આંતર સાધના દ્વારા સ્થિત કરવાનું તેને શાંત કરવાનું શુધ્ધ કરવાનું અહમથી મુક્ત કરવાનું અને તેને નિર્મળ કરવું તેને સત્યમાં સ્થિત કરવું સત્ય ધર્મ યુક્ત બનાવવું, શુધ્ધ બુધ્ધિ યુક્ત કરવું, અંતકરણ યુક્ત કરવું, પરમ જ્ઞાન યુક્ત કરવાનું છે.

આમ મનને કેળવવું અઘરું છે, કારણ કે ખૂબ જ ચંચળ છે, જકી છે, પોતાની જડતા છોડવા તૈયાર નથી પણ ધીરજથી અને ધૈર્યથી સમજ સાથે જો મન સાથે કામ લેવામાં આવે તો તે જરૂર આજ્ઞાકારી બને છે, પણ તેની સાથે સમજપુર્વક કામ લેવું પડે છે અને ધીરજ ધરવી જ પડે છે.

- તત્વચિંતક વિ. પટેલ

ભૂખ્યા માણસને છંછેડવો નહિ, અને થાક્યા માણસને છેડવો નહિ...

આંખ છીપ, અંતર મોતી

આચાર્ય રાજહંસ

'તને ખબર પડે છે, કેટલા દિવસ થયા ? કેટલા દિવસનું કહીને જાય છે અને કેટલા દિવસ કરે છે ? આમ ઘર રેઢું મૂકીને જતો રહે છે. ઘરમાં શું શું થઈ ગયું, ખબર છે ?'

'પણ મા, કામે ગયો હતો. સમય તો થઈ જાય. આપણું ધાર્યું કાંઈ થતું નથી. હું કહીને જ ગયો હતો કે આટલા દિવસમાં પાછો આવી જ જઈશ. પણ બધું આપણા હાથમાં નથી હોતું.'

'શું આપણા હાથમાં નથી હોતું ?' મા નો પારો ઊંચો થયો.

'અહીં ઘરમાં ચોરી થઈ ગઈ. ચોર બધું લઈ ગયો એક તો અભાવ છે જ ઘરમાં... અને ઉપરથી ચોર હાથ સાફ કરી ગયા.' મા એ વધુ જોર લગાવતા કહ્યું.

'શાની ચોરી થઈ ? કેવી રીતે ચોર આવ્યો ? ક્યારે ચોરી થઈ ?' આવા ચાર-પાંચ પ્રશ્નો એ બ્રાહ્મણ-પુત્રે પોતાની માને પૂછ્યા.

મા નો પિત્તો ઓર ફાટ્યો. 'હવે શું આ બધા પ્રશ્નોનો અર્થ ? તું ઘરમાં હોત તો કદાચ આ ચોરી ના થાત. અથવા તો ચોરનો થોડો સામનો પણ કરી શક્યો હોત. ચોરની પાછળ પડીને પાછું પણ લઈને આવી શકત. ચોરીનો સામાન પાછો મળી શકત. હવે આ બધાનું શું ? તને મોટો કરવાનો શું અર્થ ? શું કરવાનો તને ?...' આવા તો અનેક કટાક્ષો મા એ સંભળાવી દીધા...

સ્ત્રીના નયનના કટાક્ષબાણોથી પુરુષ વીંધાઈ જાય છે અને સ્ત્રીના ચરણોમાં ઢળી પડે છે અને એનો ગુલામ થઈ જાય છે. પણ સ્ત્રીના વચનોના કટાક્ષબાણોથી વીંધાયેલા માણસની આંખોમાંથી આંસૂ ઢળી પડે છે.

અમદાવાદ શહેરના શાંતિદાસના પાડામાં રહેતા કેશવરામ નામના આ બ્રાહ્મણપુત્રને મા ના આવા ખતરનાક શબ્દોથી ખૂબ જ લાગી આવ્યું. મા ના હૈયાના હાર કહેવાતા આ હારનું હૈયું ત્યાં વીંધાઈ ગયું. હૈયાનો હાર વચનોના પ્રહારોથી તૂટી ગયો. પિતા જગેશ્વર ભટ્ટના અવસાન પછી ઘરની જવાબદારી એના માથે હતી. જોકે ઘરમાં એના માતાજી, એક બેન અને એની પત્ની સહિત ચાર જણા જ હતા. પણ પુરુષોમાં માત્ર તે એક જ હતો. પતિ મૃત્યુ પામ્યો હોવાથી તેની બહેન ગંગા પણ ગંગાસ્વરૂપ (વિધવા) બનીને અહીં જ રહેતી હતી. ચારેયનું ભરણ-પોષણ સરસ રીતે થાય તે માટે તેનેય ચારેકોર ભમવું પડતું હતું.

એક દિવસ તે કોઈક કામ માટે ધોલેરાની નજીક ભીમનાથ ગામે ગયો હતો. પણ આવતા મોડું થઈ ગયું. અને વધારામાં ઘરે ચોરી થઈ ગઈ. તેથી માતાજીનો પ્રકોપ તેની ઉપર ઊતરી આવ્યો. ન સંભળાવાનું સંભળાવી દીધું. કેશવને પણ માના આવા કાતિલ વચનોથી ખૂબ લાગી આવ્યું. એનું હૈયું કાતિલ વચનોથી ચિરાઈ ગયું. અને એણે તરત જ મનથી નક્કી કરી દીધું - હવે આ ઘરમાં રહેવું નથી. ગમે ત્યાં જઈશ, પણ આ ઘરમાં પગ નહીં મૂકું.

થાક્યા માણસને અને ભૂખ્યા માણસને કાંઈ કહેવું હોય તો પહેલાં એને થાક ઉતારવા દો અને ભૂખ શાંત થઈ જવા દો. પછી તમારે જે કહેવું હોય એ કહો.

કેશવના પ્રસંગમાં અહીં જ ગરબડ થઈ. કેશવ ભૂખ્યો પણ હતો અને મુસાફરીથી થાકેલો પણ હતો. ન હજી એણે આરામ કર્યો હતો કે ન હજી એણે ઘરમાં આવીને કશું ખાધું હતું. ભૂખ્યો અને થાકેલો કેટલું સહન કરી શકે ?

વળી, મા ના આવા ખતરનાક વાક્પ્રહાર પછી એના બચાવપક્ષે એની પત્ની કે એની બહેન-બેમાંથી એક પણ ના આવ્યું. એટલે વાગેલા ઘા પર મીઠું ભભરાવા જેવું થયું - 'હવે આ ઘરમાં હું રહી નહી શકું. અને પાછો ફરીને હવે આ ઘરમાં પગ નહીં મૂકું.' બ્રાહ્મણના દીકરાએ ગુસ્સામાં અફર નિર્ણય આપી દીધો.

'ક્યાં જશે ? ઘર સિવાય છૂટકો ક્યાં છે ?' એમ કહી મા એ વધુ એનો તિરસ્કાર કર્યો. ઘા પર મીઠું હવે સાચું ભભરાયું.

માતા વીજકોરની કુક્ષિથી વિક્રમ સંવત ૧૮૨૯ આસો સુદ-૧૦ના દશેરાના દિવસે જન્મ પામેલ કેશવ આજે શવની જેમ ૧૮ વરસની ઊગતી યુવા વયે પહેરેલે કપડે અને ભૂખ્યે પેટે આંખે પાટા બાંધ્યાની જેમ ઘર છોડીને નીકળી પડ્યો. અને પાછો ભીમનાથ પહોંચ્યો.

ત્યાં જગદ્ગુરૂ આચાર્યશ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજા (જેમનો જન્મ અર્ધ સહસ્રાબ્દી વરસ હમણાં ચાલે છે તેમની) ની પાટપરંપરામાં સંવેગી શાખાના આદ્ય પુરૂષ પંન્યાસ શ્રી સત્યવિજયજી મહારાજાની પરંપરામાં મુનિશ્રી જયવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી શુભવિજયજી મહારાજનો શુભ પરિચય થયો. એ કેશવનો શુભ ઉદય થયો. એના શુભનો પ્રારંભ થયો.

વિક્રમ સંવત ૧૮૪૮ ના કારતક માસના કૃષ્ણપક્ષમાં ૧૯ વરસની વયે કેશવ બ્રાહ્મણે દીક્ષા લીધી. અને મુનિશ્રી વીરવિજયજી મહારાજ બન્યા.

પ્રભાવના

ઇતિહાસમાં 'શુભવીર' તરીકે પ્રસિદ્ધ બનેલા પૂજ્યશ્રી વીર વિજયજી મહારાજ પરમ વિદ્વાન હતા. ૧૫ વરસની બાળવયે ઘરમાં જ પિતાની કૃપાથી સંસ્કૃતના નિષ્ણાત બન્યા. દીક્ષા લીધા પછી ગુરૂદેવથી શુભ વિજયજી મહારાજની કૃપાથી કવિત્વ શક્તિમાં નિષ્ણાત બન્યા.

૧૨૫ થી વધુ કાવ્યો જેમના ઉપલબ્ધ છે, ૩૦ જેટલા કાવ્યોની સંવત્ પણ મળે છે એવા આ અશુકવિ અને પ્રાસકવિ મુનિશ્રી 'શુભવીર'ની રચના 'સ્થૂલભદ્રજીની શિયળવેલી' રાસ (રચના સંવત ૧૮૫૫, પોષ સુદ-૧૧, ગુરૂવાર, અમદાવાદ) વાંચીને તે સમયના ગુજરાતના સમર્થ વિદ્વાન કવિશ્રી દલપતરામ ડાહ્યાભાઈએ પણ ઊંચા અભિપ્રાયોથી નવાજીને પોતાનું માથું ઝુકાવી દીધું હતું.

થાક્યો અને ભૂખ્યો માણસ છેડાય છે, ત્યારે જ પોતાનો માણસ સર્વથા છોડાય છે

એક બાજુ ગુણસમુદ્ર છે અને બીજી બાજુ દુઃખનો દરિયો છે!

આકાશની ઓળખ

કુમારપાળ દેસાઈ

શ્રી ભક્તામર સ્તોત્રની આ ગાથામાં જિનભક્તિનું આલેખન કરવામાં આવ્યું છે. દુઃખ અને દુર્ભાગ્ય દૂર થાય અને સાચા સુખની પ્રાપ્તિ થાય તેની આમાં વાત કરવામાં આવી છે. એનો અર્થ એ કે જે વ્યક્તિ શ્રી જિનેશ્વર દેવની ભક્તિ અનન્યભાવે કરે છે, તેના સઘળા દુઃખો દૂર થાય છે અને આ જિનભક્તિમાં ઉપદ્રવોનું નિવારણ કરવાની અદ્‌ભુત શક્તિ છે. વળી જિનઆગમોમાં કહ્યું છે,

'भत्तीइ जिणवरांग, खिज्जंती पुव्वसंचिया कम्मा !'

' શ્રી જિનેશ્વરદેવની ભક્તિથી અનેક ભવોમાં સંચિત કરેલાં કર્મોનો ક્ષય થાય છે.' તાત્પર્ય કે જિનભક્તિનું પરમ ફળ મોક્ષની પ્રાપ્તિ છે.

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહ્યું છે,

' હે પ્રભુ ! તમારો વિશિષ્ટ મંત્ર તો દૂર રહો, પણ તમને ભક્તિભાવથી કરાયેલો પ્રણામ પણ બહુ ફળ આપનારો થાય છે અને તેથી મનુષ્ય કે તીર્યંચ યોનિના જીવો દુઃખ કે દુર્ગતિ પામતા નથી.'

અહીં દુર્ગતિનો અર્થ દુર્ભાગ્ય પણ થાય અને ત્યારે આ પ્રભુભક્તિ જેટલી ભવ્ય છે તેટલી પ્રબળ આધ્યાત્મિક પુરુષાર્થ માગનારી છે. એક અર્થમાં કહીએ તો પરમાત્મ ભક્તિ છે વિરલ સાહસ અને પ્રબળ પડકાર. સાહસ એ માટે કે ભૌતિક જગતમાં વસતી વ્યક્તિને આધ્યાત્મિક જગતમાં પ્રવેશ મેળવવા માટે મહાપ્રચંડ સાહસ કરવું પડે છે. ભૌતિકતાનાં આકર્ષણોને સાવ અળગાં કરીને પ્રભુભક્તિને માર્ગે જવું પડે છે. ભૌતિકતા અને આધ્યાત્મિકતા બંનેનાં ગણિત સાવ જુદાં અને તદ્દન વિપરિત છે. જ્યારે વ્યક્તિ ભૌતિક વસ્તુઓ વચ્ચે હોય, ત્યારે એના ભૌતિક રસમાં મસ્ત બનીને ચીજ-વસ્તુઓના અને પદાર્થોના સરવાળાં કરતો રહે છે અને સતત એના ગુણાકારની એનામાં તીવ્ર લાલસા હોય છે.

વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક બને છે ત્યારે એ ભૌતિક વસ્તુઓનો ભાગાકાર કરતો રહે છે અને પોતાના જીવનમાંથી એની ક્રમશ : બાદબાકી કરે છે. આમ ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં જવામાં સાહસ છે પણ એની સાથોસાથ પડકાર પણ છે. એને પડકાર એ હોય છે કે પોતે તદ્દન અલ્પજ્ઞાની અને પરમાત્મા ત્રિકાળજ્ઞાની. પોતાની બુદ્ધિ માત્ર દૃશ્યજગતનું વર્ણન કરવાની શક્તિવાળી અને એવી બુદ્ધિ કઈ રીતે અદૃશ્ય, અગોચર, સર્વજ્ઞ એવા પ્રભુનું વર્ણન કરી શકે ?

આમાંથી એક અંતઃદ્વંદ્વ જાગે છે અને આ અંતઃદ્વંદ્વ એ જ ભક્તને માટે પરમ પુરુષાર્થનો પ્રચંડ પડકાર છે. એવા જ અંતઃદ્વંદ્વનો અનુભવ પ્રભુભક્તિની પ્રેરણારૂપે પ્રગટે છે. શ્રી ભક્તામર સ્તોત્રના ચોથા શ્લોકમાં શ્રી માનતુંગાચાર્ય કહે છે,

'વક્તુમ્ ગુણાન્ ગુણ-સમુદ્ર !
શશાંક કાન્તાન્,
કસ્તે ક્ષમઃ સુર ગૃહ
ગુરુ પ્રતિમોડપિ બુદ્ધ્યા ।
કલ્પાન્ત-કાલ પવનોદ્ધત
નક્ર ચક્રં,
કો વા તરીતુમલમમ્બુનિધિં
ભુજામ્યામ્ ॥''

જે ગુણસમુદ્ર પ્રભુ ! તમારા ચંદ્ર જેવા ઉજ્જ્વળ ગુણોના વર્ણન માટે બૃહસ્પતિ જેવા મહાનુભાવો પણ ક્યાં સમર્થ છે ? અથવા તો પ્રલયકાળથી જેમાં મગરમચ્છ વગેરે ભયંકર જળચર પ્રાણીઓ ઉછળી રહ્યા છે, તેમાં પોતાની ભુજાઓ વડે તરવાને કયો મનુષ્ય શક્તિમાન છે ?



અહીં શ્રી માનતુંગાચાર્યના મનમાં ચાલતી મથામણ જોવા જેવી છે. એ સ્વયં જાણે છે કે તેઓ પોતે પ્રભુસ્તુતિ કરવા માટે ક્ષમતા ધરાવતા નથી. એ તો સાવ અલ્પમતિ છે, પરંતુ એની સામે એ પણ વિચારે છે કે આવી પ્રભુસ્તુતિ કરવાની ક્ષમતા ધરાવનાર અન્ય કોઈ છે ખરું ? કોઈ જ્ઞાની, વિદ્વાન કે સંતની પાસે આ ક્ષમતા છે ખરી ? અરે, મૃત્યુલોકમાં તો કોઈ આવું નથી અને એથીય વિશેષ દેવલોકમાં પણ આવું કોઈ નથી. દેવોના ગુરુ બૃહસ્પતિ પણ પ્રભુની યથાર્થ સ્તુતિ કરવા માટે શક્તિમાન નથી.

અહીં સ્તોત્રના પ્રારંભે ભગવાનને ગુણસમુદ્ર કહેવામાં આવ્યા છે. ગુણસમુદ્ર એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ આત્માના વિવિધ ગુણોના સમુદ્ર સમાન કહ્યા છે. આવા ગુણોના મહાસાગર અર્થાત્ અનંત ગુણોથી યુક્ત એવા પ્રભુ કેવા છે ? તો સ્તોત્રકાર કહે છે કે સોળે કળાએ ખીલેલા ચંદ્રના જેવા છે. અર્થાત્ આ બધા જ ગુણો પૂર્ણિમાના ચંદ્ર સમા ઉજ્જવળ છે અને તેથી એ સઘળાં ગુણોનું વર્ણન કોણ કરી શકે ? સ્વયં દેવો। ગુરુ અને બાર અંગના ધારક એવા બૃહસ્પતિ અસંખ્ય વર્ષોથી હજારો જીભ દ્વારા ગુણવર્ણન કરતા હોવા છતાં પણ સઘળાં ગુણોનું વર્ણન કરી શકતા નથી, તો હું કોણ ?

આનો અર્થ એટલો જ કે હું ગમે તેટલો પ્રયત્ન કરું, તો પણ આપના અનંત ગુણોને વર્ણવી શકું તેમ નથી. જ્યાં એક ગુણવર્ણન કરવા માટે પણ વાણી શક્તિમાન નથી, ત્યાં સઘળાં ગુણવર્ણનની તો વાત જ શી કરવી ? ત્રિકાળદર્શી એવા અનેક ગુણોના સ્વામીના ગુણોને ચંદ્રમાં સમાન ઉજ્જવળ કહેવામાં આવ્યા છે. અર્થાત્ એમાં સૂર્યનો તાપ, સંતાપ કે ઉષ્ણતા નથી, પરંતુ ચંદ્રની ચાંદની જેવી શાતા, સૌમ્યતા અને શીતળતા છે.

કેનોપનિષદ (૧-૩) માં કહ્યું છે,

'न तप्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो
न विदमा न विजानीमो ।
श्रैतदनुशिव्यादन्यदेव
ताद्विदितादोअनिनितादधि ॥
केनोपनिषद्–१–३'

અહીં ઉપનિષદના ઋષિ કહે છે કે,' એ પરમ તત્ત્વ કે સત્ય સુધી દૃષ્ટિ પહોંચી શકતી નથી. વાણીથી એનું પૂર્ણ વર્ણન થઈ શક્તું નથી, એ ઇન્દ્રિયાતીત છે, મનની ગતિ પણ ત્યાં સુધી પહોંચતી નથી. એને બુદ્ધિથી જાણી શકાતા નથી અને કોઈ સમજાવે તો સમજી શકાતા નથી. એ જ્ઞાતથી ઘણો અધિક છે અને અજ્ઞાતથી પણ અતિ ઉપર છે.'

આવી સ્થિતિનો અનુભવ શ્રી માનતુંગાચાર્ય કરી રહ્યા છે અને તેથી જ પોતાની એ વાતને એક જુદા દૃષ્ટાંતથી પણ બતાવે છે. જૈનદર્શનમાં સમયના બધુ દીર્ઘ કાળને 'કલ્પ' કહેવામાં આવે છે. આ 'કલ્પ'ના અંતે પૃથ્વી પર જલપ્રલય સર્જાય છે. એમાંથી કોઈ ઊગરી શકતું નથી. તીવ્ર વેગથી પવનના સુસવાટા વાય છે, સમુદ્ર અતિ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને આમતેમ ડોલાયમાન થતો હોય અને એમાં મગરમચ્છ જેવા ભયંકર જળચરો ઉછળી રહ્યા હોય, તેવે સમયે કોઈ માનવી બે હાથે આવા પ્રલયકાળ વખતના તોફાની સાગરને પાર કરવા માટેનો વિચાર કરે તો તે કેવું ગણાય ?

આવા પ્રલયકાળના રૌદ્ર સ્વરૂપી સાગરને તરવો જેટલો કઠિન છે એટલા જ કઠિન પ્રભુ આદિશ્વરનું ગુણવર્ણન છે.

એક અર્થમાં કહીએ તો પ્રભુના ગુણરૂપ સમુદ્રને તરવો એ આટલું જ વિકટ કાર્ય છે. અહીં એક સરસ વિરોધ સૂરિજીએ પ્રગટ કર્યો છે. એક બાજુ એમણે શાશ્વત સુખના ભંડારરૂપના પ્રભુના અનંત ગુણોરૂપી સમુદ્રની વાત કરી છે અને બીજી બાજુ છહ્વા આરાના દુઃખના દરિયારૂપ પ્રલયકાળની પારાવાર આપત્તિની વાત કરી છે. એક ગુણસમુદ્ર છે, તો બીજો દુઃખનો દરિયો છે. આમ આ બે બાબતોને સામસામે મૂકીને એક સરસ વિરોધ દ્વારા આચાર્યશ્રીએ પોતાના સ્તુતિ વર્ણનના પ્રયત્નની વાત ઉજાગર કરવા પ્રયત્ન કર્યો છે.

આદિશ્વર ભગવાનની સ્તુતિ રચવાના કાર્યની કઠિનતા, વિકટતા, મુશ્કેલીઓ અને પોતાની મર્યાદાને આચાર્યશ્રી પૂરેપૂરા જાણે છે અને તેથી જ ગુણસમુદ્ર પ્રભુની અતિ નમ્ર ભાવે સ્તુતિનો પ્રારંભ કરે છે. (ક્રમશઃ)

સંયમજીવન રેતીના કોળિયા જેવું અને ખાંડાની ધાર પર ચાલવા જેવું કઠિન છે

પ્રભાતના પુષ્પો

ગુણવંત બરવાળિયા

પ્રભુએ દીક્ષાનું પાલન કરવાવાળા સંયમી જીવોના પ્રકાર બતાવતાં કહેલું કે, પહેલા પ્રકારના જીવો સંયમ લેતી વખતે સિંહવૃત્તિવાળા હોય અને સમગ્ર સંયમજીવન સિંહવૃત્તિથી જ પાલન કરે.

બીજા પ્રકારના પુરુષો સિંહ જેમ વૈરાગ્યમાર્ગે નીકળે, પણ ધીરે ધીરે નિરુત્સાહી બની શિયાળવૃત્તિના બની જાય. બાહ્ય મુનિવેષ સિંહનું પ્રતીક છે, પરંતુ આચરણ શિયાળ જેવું, ભોગો માટે લાલચુ બની જાય.

'જમ્બુકુમાર ચિરત્ર'માં તેના પૂર્વભવનું વર્ણન છે. જમ્બુકુમાર ભાવદેવ તેના મોટાભાઈ માટે દીક્ષા લે છે. તેના સંયમજીવનથી પ્રેરાઇ ભાવદેવ, યુવાન સુંદર પત્ની નાગિલાને કહે છે કે,'મારે દીક્ષા લેવી છે.' શ્રાવકકુળમાં જન્મેલી સમજદાર નાગીલા કહે છે કે, 'હું શ્રાવિકાવ્રત ધારણ કરી ધર્મઆરાધના કરીશ. આપ સંયમમાર્ગે સિધાવો.'

ભાવદેવે દીક્ષા લીધી. યૌવનના ભયંકર પ્રભાવે ભાવદેવને થાય છે કે, 'આવી સુંદર યુવાન પત્નીનો ત્યાગ કરી મે, ભૂલ કરી છે.' તેને સંસારસુખો સાંભરવા લાગ્યાં. મોટાભાઈ મુનિના સ્વર્ગવાસ પછી ઘરસંસારમાં પાછા જવાના ભાવ સાથે તે પોતાના ગામ પહોંચ્યો.

ગામબહારના ઉદ્યાનમાં રોકાયો. વર્ષો વીતી ગયાં છે. 'પત્ની ગામમાં હશે કે ગામ છોડી ગઈ હશે, પિયર ગઈ હશે, મને ઓળખશે કે નહીં ?...' વગેરે વિચારો કરતો ઉદ્યાનના કૂવા પાસે ઉભો હતો. કૂવા પાસે સ્ત્રીઓ પાણી ભરતી હતી, તેમાં નાગિલા પણ હતી. નાગિલા ચોંકી ગઈ. પોતાની ઓળખ આપ્યા વિના નાગિલાએ મુનિનાં દર્શન કર્યા.

મુનિએ પૂછ્યું,' બહેન, તું અમુક શેઠની પુત્રવધૂ નાગિલાને ઓળખે છે ?' તે તો મારી સહેલી છે, પરંતુ આપને તેનું શું કામ છે ?' નાગિલાએ કહ્યું. મુનિએ કહ્યું,' ભાવદેવ મુનિ પધાર્યા છે, ' તને દર્શન કરવા બોલાવે છે' તેટલો સંદેશો આપજે.'

નાગિલા વિચારે છે, મુનિ પતિત થશે.' શિથિલ થયેલા પતિને ચારિત્ર્યમાં કેમ સ્થિર કરવા તેનો નાગિલા વિચાર કરે છે.

થોડીવાર પછી નાગિલા એક નાટક રચે છે. એક પડોશી સ્ત્રીને લઈ નાગિલા દર્શન કરવા આવે છે. થોડીવારમાં પડોશી સ્ત્રીનો પુત્ર આવીને કહે છે,'મા...મા, તેં મને જે ખીર પીરસી હતી તે મેં પૂરી ખાઈ લીધી.'

'સારું થયું બેટા, માએ કહ્યું.

પુત્ર કહે,' પરંતુ મા, એ ખીરમાં એક માખી પડી હતી. તે માખી સહિત ખીર ખાઈ લીધી એટલે મને ઊલટી થઈ ગઈ અને બધી ખીર નીકળી ગઈ.' મા કહે,'સારું થયું, માખી નીકળી ગઈ.'પુત્ર કહે,'મા, મેં માખી કાઢી ફરીથી એ ખીર ચાટી લીધી.'

મા પુત્રની પીથ થાબડીને કહે,' વાહ બેટા, સારું થયું. તું બહું હોંશિયાર છે ! આટલી સરસ ખીર નકામી ન જવા દેતાં તે ફરીથી ચાટી લીધી સારું કર્યું.'

ભાવદેવ મુનિએ પડોશી સ્ત્રી સાથેનો વાર્તાલાપ સાંભળી કહ્યું,' તું પાગલ છો કે તું તારા પુત્રને શાબાશી આપે છે ? ખીર ચાટવા માટે વમન કરેલું કોણ ખાય ? ઊલટી તો કૂતરું ચાટે, માણસ પોતાની ઊલટી ન ચાટે. રે મૂર્ખ ! તું તારા પુત્રને કેવી ખોટી શિખામણ આપે છે ?'

ત્યારે નાગિલા કહે છે,' કેમ મા'રાજ ? આ બાળકે ઊલટી ચાટી તો તમને ગંદુ-ખરાબ લાગ્યું ? પરંતુ તમે શું કરવા જઈ રહ્યા છો ? ત્યાગ કરેલા ભોગ, ત્યાગ કરેલી પત્નીને પુનઃસ્વીકારવા જઈ રહ્યા છો. આ ક્રિયા શું ઊલટી ચાટવા જેવી નથી ? તમે વમેલું ચાટશો ? તમારા જેવા ચતુર, સમજદાર પુરુષને આ શોભે ? મુનિ અટક્યા !

સિંહવૃત્તિથી દીક્ષા લઈ શિયાળવૃત્તિ તરફ જતા શિથિલ મુનિને પૂર્વાશ્રમની પત્નીએ ચારિત્ર્યમાં સ્થિર કર્યા. મુનિના સિંહવૃત્તિ તરફના પ્રયાણમાં આત્મોત્થાન અભિપ્રેત છે.

ભગવાન મહાવીરે 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં અધ્યા-૧૯, ગાથા-૩૨માં ફરમાવ્યું છે કે, સંયમજીવન રેતીના કોળિયા જેવું નિરસ અને ખાંડની (તલવારની) ધાર પર ચાલવા જેવું કઠિન છે.

દેવદિવાળી : અંતરનો ઉત્સવ



ઉત્સવોના ઉમંગી દિવસો વીજળીના ઝબકારાની જેમ ત્વરિત ગતિથી પસાર થઈ જાય છે. જાણે ગઈ કાલે જ આસો વદ અમાસની દિવ્ય દિવાળી હતી. ઘરના રળિયામણાં આગંણામાં આપણે સહુએ ઉલ્લાસથી રંગબેરંગી રંગોળીઓ દોરી હતી. દીવાઓ પ્રગટાવ્યા હતા. આખું ઘર પ્રકાશથી ઝળહળતુ હતું. પણ આજે ? આજે તે દિવાળી પસાર થઈ ગઈ છે. બહારના પર્વની પૂર્ણાહુતિ પછી ભીતરના પ્રકાશનો જે દિવ્ય આરંભ થાય તે દેવ દીવાળી. આ પુનિત દિવસે સ્વર્ગમાંથી દેવતાઓ પણ પૃથ્વી પર પધારે છે. કાર્તિકી પૂર્ણિમાની રાત્રિ. અલૌકિક રાત્રિ છે. આ અનોખી રાત્રિએ આકાશમાં બે ચંદ્ર હોય છે - એક આકાશમાં અને બીજો હૃદય આકાશમાં. દેવ-દિવાળીએ પ્રકૃતિનું સૌંદર્ય ભક્તિરંગથી ભવ્ય રીતે રંગાયેલું હોય છે અને તેનું લાવણ્ય ચરમસીમાએ હોય છે. દેવ-દિવાળીની રાત્રિની શોભા, આભા તથા સુંદરતા અદ્‌ભુત હોય છે. ઠંડી હવામાં તુલસીની સુગંધ ભળતાં તે શુદ્ધ અને પવિત્ર હવા અંતરને ભક્તિભાવથી ભીંજવે છે. તથા તે માનવજીવનમાં સ્ફૂર્તિ, ઉમંગ અને ઉર્જા નિષ્પન્ન કરે છે. આંખને શીતળતા બક્ષે છે, મનને મલકાવે છે.

માનસિક રીતે માનવ સ્વયં આંખ સમક્ષ ચિત્ર અંકિત કરે (વિઝ્યુલાઈઝેશન કરે) કે સ્વર્ગથી દેવતાઓ સ્વયં પૃથ્વી પર આવી રહ્યાં છે... ધરાને પુનિત કરવા પધારી રહ્યાં છે.. કાશીના પવિત્ર ગંગા કિનારે પ્રત્યેક ઘાટ પર દેવતાઓ પોત પોતાના હસ્તે દીવાઓ પ્રગટાવીને તેને ગંગાના નિર્મળ જળમાં તથા તેના વહેતા દૈવી અને પવિત્ર પ્રવાહમાં મૂકી રહ્યાં છે. બીજી તરફ, મંદિરોનો મધુર ઘંટારવ અને શંખનાદ વાતાવરણને દિવ્ય, મંગલમય અને ભક્તિમય બનાવી રહ્યો છે. જ્યારે આવું અલૌકિક આધ્યાત્મિક દ્રશ્ય આપણા મનઃચક્ષુ સમક્ષ જીવંત થાય છે, ત્યારે આત્મા પરમ શીતળતા તથા શાંતિનો અનુભવ કરે છે, અને પરમ તત્વ સાથે એકાકાર થઈ જાય છે.

દેવ-દિવાળીને આધ્યાત્મિક સૌંદર્યના પરિપ્રેક્ષ્યમાં મૂલવીએ તો આ દિવસે ભગવાન શિવજીએ ત્રિપુરાસુર રાક્ષસનો વધ કરીને દેવો તથા સમગ્ર સૃષ્ટિને તેના ત્રાસમાંથી ભયમુક્ત કરેલ. આથી દેવતાઓએ દીપોત્સવ ઉજવ્યો હતો. આ શુભ દિવસે પવિત્ર નદીઓ તથા સરોવરોમાં દીપ વહેતો મૂકવામાં આવે છે, જેને દીપદાન કહે છે. દીપદાન કલ્યાણકારી, પુણ્યદાયક તથા ફળદાયી માનવામાં આવ્યું છે. ભગવાન શિવજીએ ત્રિપુરાસુર નામના ભયંકર રાક્ષસનો આ દિવસે વધ કર્યો હતો, જેથી તેમનું એક નામ 'ત્રિપુરારી' પડ્યું, અને આ પૂર્ણિમા ત્રિપુરારી તરીકે ઓળખાઈ.

દેવ દિવાળી એ ચંદ્રનો શ્વેત, શીતળ તથા દિવ્ય પ્રકાશ, જલરાશિનું અનેરું સૌંદર્ય અને વનરાજીનો અદ્‌ભૂત શૃંગાર ત્રણેયનું સુંદર સંગમ જોવા મળે છે. આકાશનો ચંદ્ર માનવને શીતળતા તથા તાજગી પ્રદાન કરે છે, હૃદયનો ચંદ્ર માનવને પરબ્રહ્મ પ્રતિ ગતિવંત કરી બ્રહ્મજ્યોતિ અને ચિદાકાશ અર્પે છે, આત્માને અજવાળવાનો પાવન દિન છે, શાશ્વત પ્રકાશ તરફ લઈ જતું પવિત્ર પર્વ છે, આત્માની જાગૃતિ તથા ઉન્નતિનું પર્વ છે, અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવાનું પર્વ છે, ગંગાઘાટના માનસિક દર્શન કરી હૃદય આકાશને પ્રકાશમાન કરવાનું આ પરમ મંગલમય પર્વ છે. દેવ દિવાળી એ અંતરનું ઓજસ પ્રગટાવે છે અને જ્યારે અંતરદીપ પ્રગટે છે, ત્યારે મનુષ્ય જ દેવ બની જાય છે. કાશીના ઘાટ પર દીવાઓ પ્રજવલી રહ્યા હોય છે, તે દ્રશ્ય સુંદર છે, પરંતુ જ્યારે મનુષ્યના હૃદયના ઘાટ પર પ્રેમનો દીપ પ્રજવલિત થાય ત્યારે તે દ્રશ્ય ખરેખર ઉત્તમોત્તમ હોય છે. ઘરના આંગણામાં રંગોળી કરી સુંદરતા નિર્માણ કરીએ છીએ તેમ સારાં કાર્યો કરીએ એ જ સાચી રંગોળી છે. દીપદાન કરીએ એ શ્રેષ્ઠ તથા પુણ્યપ્રદાયક છે, સાથે સાથે પરોપકાર એ પણ એક પ્રકારનું દીપદાન છે. સત્કર્મો એ સકારાત્મક ઉર્જા અને પરમ પ્રકાશના વિશિષ્ટ તથા ઉત્તમ દ્વારો છે. તો આ શુભ અને પવિત્ર દિવસે આપણે બહારના દીવાઓની સાથે અંતઃકરણમાં પણ પ્રેમ, કરુણા, કૃતજ્ઞતા, આત્મીયતા, અનુકંપા, આનંદ, સૌંદર્ય, સ્નેહ, સમર્પણ, શ્રદ્ધા તથા પરમાર્થનો દીપ પ્રગટાવીએ તથા સૌથી ઉપર 'ૐકારનો દીપ' - જે આત્માને પરમાત્મા સાથે જોડાણ કરી આપે. જ્યારે આ દીપ માનવહૃદયમાં પ્રગટશે, ત્યારે જીવન આપોઆપ શ્રેષ્ઠતા, ધન્યતા, ચૈતન્ય, જાગૃતી, તૃપ્તિ, સંતોષ, શાંતિ તરફ ગતિવંત થશે.

દિનેશ એલ. જોષીપુરા

પરિવાર જીવન - ઇશ્વરની ભેટ



પરિવાર એ ઇશ્વરની કૃપાથી મળેલી ભેટ છે આ વાક્ય માત્ર એક વિચાર નથી, પરંતુ જીવનનું સત્ય છે, જ્યાં પ્રેમ, વિશ્વાસ, ક્ષમા અને સહકારના બીજ વાવવામાં આવે છે

પરિવાર એ ઇશ્વરની રચનામાંની એક અદ્‌ભુત ભેટ છે. "Family life is blessing from God Almighty" - આ વાક્ય આપણને યાદ અપાવે છે કે ઘર માત્ર ઇંટ-પથ્થરથી બનેલું માળખું નથી, પરંતુ એ ઇશ્વરની કૃપાથી રચાયેલું એક પવિત્ર સ્થાન છે. અહીં પ્રેમ, વિશ્વાસ, ક્ષમા અને સહકારના બીજ વાવવામાં આવે છે, જે જીવનને સુખમય બનાવે છે.

વિશ્વાસ અને વ્યવહારનું સંતુલન

ધર્મશાસ્ત્ર કહે છે : ''विश्वासः केवलः यदि तस्य सह कर्माणि न स्युः, तर्हि सः मृतः भवति ।"

''વિશ્વાસ હોય પણ તેની સાથે કર્મ ના હોય તો તેવો વિશ્વાસ નિર્જીવ છે. પરિવારમાં વિશ્વાસ રાખવો જરૂરી છે, પરંતુ ફક્ત વિશ્વાસથી જ સંબંધો મજબૂત થતા નથી. જો પતિ-પત્ની અને પરિવારના સભ્યો વચ્ચે વ્યવહાર નમ્ર, સમજદારીપૂર્વક અને પ્રેમથી ભરેલો હોય, તો એ ઘર સ્વર્ગસમાન બની શકે છે.

ઘરમાં એકતા ત્યારે જ રહે છે જ્યારે દરેક સભ્ય પોતાનું 'અહં' છોડીને બીજાના હિત માટે વિચારે. પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ રોજિંદા નાના-નાના કાર્યોમાં દેખાવવો જઈએ - જેમકે એકબીજાને સાંભળવું, સહકાર આપવો અને ક્ષમા કરવી.

બાળકો માટે માતા-પિતા ઇશ્વરની પ્રથમ છબી

બાળકો માટે માતા-પિતા એ ઇશ્વરની પ્રથમ છબી છે. જો તેઓ એકબીજામાં પ્રેમ, ક્ષમા અને સહકાર દર્શાવે, તો બાળકો પણ એ જ મૂલ્યોને જીવનમાં અપનાવે છે. પરિવાર એ માત્ર લોહીનો સંબંધ નથી, પરંતુ એ ઇશ્વરની શાળામાં શીખવાની જગ્યા છે - જ્યાં દરેક સભ્ય પ્રેમથી એકબીજાને ઘડે છે.

આધુનિક યુગમાં પડકાર

આધુનિક યુગમાં જીવનની દોડધામ, કામનો ભાર અને ભૌતિક લાલસા ઘણીવાર પરિવારના સંબંધોને નબળા બનાવે છે. પતિ-પત્ની વચ્ચેનો સમય ઓછો થઈ જાય છે, બાળકો સાથેનો સંવાદ ઘટી જાય છે, અને ઘરમાં શાંતિ ઓગળી જાય છે. પરંતુ જો પરિવાર ઇશ્વરને મધ્યમાં રાખીને જીવન જીવવાનું નક્કી કરે, તો આ પડકારો પર વિજય મેળવી શકાય છે.

ક્ષમા અને સહકાર - પરિવારના આધારસ્તંભ

પરિવારમાં ક્ષમા એ પ્રેમનું મોટું પ્રતિક છે. જ્યારે પતિ-પત્ની એકબીજાની ભૂલોને ઢાંકી લે છે અને સહકાર આપે છે, ત્યારે એ ઘર ઇશ્વરની કૃપાથી ભરાઈ જાય છે. સહકાર એ માત્ર મોટા નિર્ણયો માટે નહીં, પરંતુ રોજિંદા જીવનના નાના કાર્યોમાં પણ દેખાવવો જોઈએ.

પરિવાર - સ્વર્ગનો અંશ

પરિવાર એ ઇશ્વરની ભેટ છે. જ્યારે પતિ-પત્ની ઇશ્વરને મધ્યમાં રાખીને જીવન જીવવાનું નક્કી કરે છે, ત્યારે ઘર માત્ર એક ઇમારત નહીં રહે, પરંતુ સ્વર્ગનો એક અંશ બની જાય છે. બાળકો માટે એ સુરક્ષાનું સ્થાન બને છે, અને માતા-પિતા માટે એ આનંદ અને આશીર્વાદનું કેન્દ્ર બને છે.

ઉપસંહાર

પરિવાર એ ઇશ્વરની કૃપાથી મળેલી ભેટ છે આ વાક્ય માત્ર એક વિચાર નથી, પરંતુ જીવનનું સત્ય છે, જ્યાં પ્રેમ, વિશ્વાસ, ક્ષમા અને સહકારના બીજ વાવવામાં આવે છે. જો આપણે આ મૂલ્યોને જીવનમાં ઉતારીએ, તો આપણું ઘર સ્વર્ગસમાન બની શકે છે.

- ચંદ્રકાન્ત પથિક

મહાભારતનાં મોઘેરાં મોતી

- પોતાની પાસે પોતાનાં વખાણ ક્યારેય કરવાનાં નહિ.
- દેવું, અગ્નિ અને શત્રુ - આ ત્રણને સંપૂર્ણ રીતે નિર્મૂળ કરવાં.
- સારા માણસે એક જ જગાએ લાંબો સમય કારણ વગર રોકાવું નહિ.
- ભવિષ્યમાં કરવા ધારેલું કામ ક્યારેય જાહેર કરવું નહિ.
- ગૃહિણી વગર ઘર એ ઘર નથી પણ જંગલ છે.
- કામ થઈ જાય પછી કામ કરનારની અહીં કોઈ કદર કરતું નથી.
- અહીં કોઈને ય કાયમ સુખ મળતું નથી કે કોઈને ય કાયમ દુઃખ નથી મળતું.
- જ્યાં વૃદ્ધો નથી ત્યાં સભા નથી, જ્યાં સત્ય નથી ત્યાં ધર્મ નથી.
- કર્મ કરવામાં જ તારો અધિકાર છે, ફળમાં નહિ.
- વગર પૂછ્યે બોલવું નહિ ને માગ્યા વગર કોઈને ય સલાહ આપવી નહિ.
- માન મૂકીને માનીતા થવાય છે. ભલે ભાંગી જવાય, પણ માથું ઝૂકાવશો નહિ.
- માગવું એ ઝેર છે.
- લાંબા સમય સુધી ઘૂંઘવાયા કરતાં થોડીકવાર સળગી જવું સારું.
- હજારો ગાયોમાં વાછરડું મા-ને શોધી લે છે તેમ કરેલું કર્મ કરનારને શોધી લે છે.
- બીજાએ કરેલાં કાર્યોનો જશ પોતે ના લેવો.
- પાપીને હણવામાં કોઈ પાપ નથી.
- શત્રુના પણ જો સારા ગુણ હોય તો લેવા.
- વૃદ્ધ મા-બાપની કરેલી સેવા ક્યારે ય વ્યર્થ જતી નથી.
- કુશળતાપૂર્વક કરેલું કામ પણ યોગ જ છે.
- કસોટી કર્યા વગર અહીં કોઈનો પણ વિશ્વાસ કરશો નહિ.
- આળસુ માણસને ક્યારેય સુખ મળતું નથી.
- બીજાનું કર્તવ્ય જોવું એ આપણું કર્તવ્ય નથી.
- આવતી કાલનું કામ આજે કરી લેવું, સમય કોઈનીય રાહ જોતું નથી.
- આ જગતમાં કોઈની પણ લાગણી કારણ વગરની હોતી નથી.
- અહીં બધાં જ લોકો પોતાને જ હોશિયાર માનતા હોય છે.
- આસક્તિ વગરનો માણસ વહેલા પરમપદને પામે છે.
- લક્ષ્મી પુરુષાર્થ અને સાહસ વગર મળતી નથી.
- પારકા ધર્મનું આચરણ કરવું ખૂબ ખતરનાક છે.
- જેવા સાથે તેવા થવામાં જ અહીં કલ્યાણ છે.
- સુખ કે દુઃખ જે મળે તે હાર્યા વગર સ્વીકારી લેવું.

- પી. એમ. પરમાર